Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ટ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ

પુસ્તક ૨૮ મું. અષાડ. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૪ થો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર

अनुक्रमणिका.

| | | |
|---|---|---|
| ૧ | સંસાર ભાવના.... | ૯૭ |
| ૨ | આ અસાર શરીરમાંથી સાર. | ૯૮ |
| ૩ | ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. | ૧૦૩ |
| ૪ | દ્રવ્યાવશ્યક. | ૧૧૧ |
| ૫ | વૈરાગ્યશતક. | ૧૧૬ |
| ૬ | જૈન મુનિમહારાજોનું સંમેલન. | ૧૧૯ |
| ૭ | શેઠ આણંદજી કલ્યાણજી અને ભાવનગરનો સંઘ | ૧૨૫ |
| ૮ | અત્યંત ખેદકારક મૃત્યુ. | ૧૨૮ |

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ ને બહાર પડેલ છે.

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત શ્રી સ્તવન સંગ્રહ.

આ બુક શ્રાવિકા તેમજ સાધવી સમુદાયને તેમજ પ્રકરણોના નવા અભ્યાસીઓને ઘણીજ ઉપયોગી છે. કોઇ વખત નહીં છપાયેલા તેમજ પ્રસિદ્ધિમાં પણ નહીં આવેલા સ્તવનોનો આમાં સંગ્રહ કરેલો છે. આ બુકમાં જીવ વિચારનું ૧, નવતત્વનું ૧, દંડક સંબંધી ૨, ચૌદ ગુણઠાણા સંબંધી ૩, જ્ઞાનદર્શન ચારિત્ર સંબંધી ૧, સિદ્ધ દંડિકનું ૧, કર્મ પ્રકૃતિ ઉપર ૧, જંબુદ્વિપ વર્ણનનું ૧, નિગોદના સ્વરૂપનું ૧, સમવસરણ સંબંધી ૩ અને બીજી બાબતના ૨ મળી કુળ ૧૭ સ્તવનો તથા ૪ સઝાયો દાખલ કરેલ છે. ભાવનગરના શ્રાવિકા સમુદાયનો આર્થિક સહાયથી છપાવેલ છે. સાધુ સાધ્વીને તથા જૈનશાળા ને કન્યાશાળામાં ભેટ આપવાની છે. ૧૬ પેજી ૧૭ ફારમનો પાકા પુંઠાથી બાંધેલ બુક છે. કિંમત માત્ર આઠ આના રાખેલ છે. પોસ્ટેજ દોઢ આનો લાગે છે. જૈન તત્વો જાણવાના ઇચ્છકે અવશ્ય ખરિદ કરવા લાયક ને વાંચવા સમજવા લાયક છે. તેનો ખરી કિંમત વાંચનારજ કરી શકે તેમ છે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. શાસ્ત્રી.

અમારી તરફથી કાયમ છપાય છે તેમાં કેટલેક વધારો કરીને તેજ ટાઇપથી છપાવેલ છે. અને તેવાજ પુંઠાથી બંધાવેલ છે. કિંમત છ આના જ રાખેલ છે. જૈન શાળા કન્યાશાળા માટે અને ઇનામ માટે ખરિદ કરનારને પાંચ આનાથી મળી શકશે. બહાર ગામવાળાઓને પોસ્ટેજ જુદું આપવું પડશે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. ગુજરાતી.

અમારી તરફથી છપાય છે તેવીજ શિલા છાપમાં છપાવેલી આ બુક હાલમાં બહુ મુદતે બહાર પડી છે. છાપકામ ને બાઇન્ડીંગ મનરંજન કરે તેવાં છે. કિંમત પ્રથમ પ્રમાણેજ આઠ આના અને જૈનશાળા કન્યાશાળા વિગેરે માટે સાત આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

## બે અશાડનો એકજ અંક.

કાયમના નિયમ પ્રમાણે આ અશાડ માસ બે હોવા છતાં અંક એકજ બહાર પાડવામાં આવ્યો છે. તેથી કોઇએ તેમને આ અંક બહુ મોડો મળ્યાની શંકા ન કરવી.

તંત્રી.

## નવા મેમ્બરના નામ.

૧ શા. રાયચંદ પ્રેમચંદ ભાવનગર. પહેલા વર્ગના મેમ્બર.

૧ શા. નથુભાઈ ડાહ્યાભાઇ ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. અષાડ. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૪ થો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## संसार भावना.

( જિનરાજા તાજા, મલ્લી બીરાજે ભોયણી ગામમાં. એ રાગ. )

**સંસાર અસારે, જીવ ભમ્યો રે ભવચક્રમાં. એ ટેક.**

આ સંસાર સમુદ્રે સુખ દુઃખ, ભરતી ઓટ વિચારો;
જન્મ જરા ને મૃત્યુ જળમાં, ન જડે ઇષ્ટ કીનારો રે. સંસાર૦ ૧.
પૃથ્વી અપ તેઉ વાઉ વનસ્પતિ, ત્રસમાં ઉપજ્યો ચવીયો;
છેદન ભેદન તાડન તર્જન, પરવશથી અનુભવીયો રે. સંસાર૦ ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર ગતિ નાટકશાળામાં, નાટક વિધવિધ નાચ્યો;
પુરૂષ નપુંસક ને સ્ત્રી વેદે, વેષ વિચિત્રે રાચ્યો રે. સંસાર૦ ૩
નરક નિગોદે સુક્ષ્મ બાદર, જીવે બહુ ભવ કીધા;
જળચર ભૂચર ખેચર ને વળી, દેવ મનુષ ભવ લીધા રે. સંસાર૦ ૪
એમ લખ ચોરાશી યોનીમાં, આથડીઓ બહુ વેળા;
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શુદ્રના, થયા વિયોગ ને મેળા રે. સંસાર૦ ૫
માત પિતા પિતુ પુત્ર ભવાંતર, ઉલટ પુલટ ભવ પાયા;
નાત્રાં અઢારે જીવે વેઠ્યાં, અથિર સંસારની છાંયા રે. સંસાર૦ ૬
માત પિતા ભવો ભવ રોવરાવ્યાં, જીવ રોયો ભવરણમાં;
જ્ઞાનાદિ ધન ચોરે લુંટયું, કુટયો રિપુએ ક્ષણમાં રે. સંસાર૦ ૭
ભુવનભાનુ જિન ચરિત્ર સુણીને, સમજુ એમ વિચારે;
સુખ દુઃખ કર્મવશે જીવ પામે, **સાંકળચંદ** સંસારે રે. સંસાર૦ ૮

# आ असार शरीरमांथी सार–धूळमांथी सोनुं.
# काढी लेवाय तो काढी ल्यो.

## (લેખક સન્મિત્ર કર્પુરવિજયજી)

## શરીરને એક લાકડાની કોટડી સમજો.

**इदं शरीरं परिणामदुर्बलं, पतत्यवश्यं श्लथसंधिजर्जरम् ।**
**किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते, निरामयं धर्मरसायनं पिब ॥१॥**

**ભાવાર્થ**—આ શરીરને ગમે તેટલું પાળ્યું પોષ્યું હોય તોપણ તેના સઘ[ળા] સાંધા ઢીલા થઇ જર્જરૂં બની અંતે તદ્દન બળહીન થયું સતું તે અવશ્ય પ[ડે] છે–હાથમાં રહેતુંજ નથી. તો પછી તેવા જડ દેહની ખાતર હે મૂઢ પ્રાણી વિધ વિધ ઔષધ–ઉપચાર સેવી તું શામાટે કલેશ સહે છે. સર્વ કલેશ[ની] શાંતિ કરવા તું કેવળ નીરોગી ધર્મ–રસાયણ સેવ !

**વિવેચન**—शीर्यते तच्छरीरं=સડન પડન અને વિધ્વંસન ધર્મ (લક્ષ[ણ]વાળું જ શરીર હોવાથી મોહ મમતાવશ ગમે તેટલું તેને ખાનપાન ઔષધ [ઉ]પચારથી પોષવામાં આવે અને વસ્ત્ર અલંકારથી શણગારવામાં આવે તોપ[ણ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ તેનો કુદરતી સ્વભાવ છે તેમ તે પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાંખે છે. અશુચિથી ઉત્પન્ન થયેલા અને અશુચિમય દેહને જલાદિક જડ પદાર્થોવડે સાફસુફ રાખવાનો શ્રમ કેવળ મૂઢ જનોને જ લાગેલો હોય છે. વળી તે **નિત્યમિત્ર** સમાન **શરીર** પોતાના નિત્ય પરિચયમાં રહેવાથી પરિણામે પોતાની (આત્માની) જ અવજ્ઞા કરનારૂં નીવડે છે. તે ઉપર એક શાસ્ત્ર-દૃષ્ટાંત **કહેલું છે** તે બહુ પેરે મનન કરવા લાયક છે.

## 'દૃષ્ટાંત.'

**જિતશત્રુ** નામના કોઇ એક રાજાને **સુબુદ્ધિ** નામનો મહાન્ મંત્રી હતો. કામગરો હોવાથી તે રાજાને પ્રિય હતો. તેમ છતાં એકદા રાજા દુર્દૈવયોગે તેના ઉપર રૂષ્ટમાન થયો. રાજાને પોતાથી વિમુખ થયેલો જાણી સુબુદ્ધિ મંત્રી સભામાંથી નીકળી કોઇ એક મિત્રનો આશ્રય લેવા ગયો. તે મંત્રીને ૧ નિત્યમિત્ર, ૨ પર્વમિત્ર અને ૩ જૂહારમિત્ર એવા ત્રણ મિત્રો હતા. તેમાં **નિત્યમિત્ર** સાથે ઘણી જ મહોબત હોવાથી મંત્રી પ્રથમ તેની જ પાસે આવ્યો; જો કે આ વખતે મંત્રીનું મન ઘણું ઉદાસ હતું-શોકની છાયાવાળું હતું તોપણ 'અતિ પરિચયાત્ અવજ્ઞા' એ ન્યાયે નિત્યમિત્રે તો તેને ઠઠ્ઠા મશ્કરીમાં ઉડાવવા જ માંડ્યો. જ્યારે મંત્રીએ તેને ખરી હકીકત કહી સંભળાવી ત્યારે તો તેણે ચોખી રીતે તેને આશ્રય આપવા ના પાડી. પછી મંત્રી નિરાશ થઇ બીજા **પર્વમિત્ર** પાસે આવ્યો. તેણે તેને કંઇક આદર આપી મિષ્ટ વચનથી બોલાવ્યો; પરંતુ સત્ય હકીકત કહેતાં આશ્રય આપવાના તો તેણે પણ અખાડાજ કર્યા. છેવટે જેમ ડુબતો માણસ તરણું પણ પકડે તેમ તે મંત્રી ત્રીજા જૂહારમિત્ર પાસે ગયો. એ **જૂહારમિત્ર** અત્યંત સજ્જન, સમયજ્ઞ અને પરદુઃખભંજક હોવાથી મંત્રીને દૂરથી આવતો જોઇ, ઇંગિત આકારથી તેને શોકાકુળ જાણી, તેને આશ્વાસન આપવા માટે તે તેની સામે આવ્યો. મંત્રીને છાતી સરસો ચાંપી જૂહારમિત્રે કહ્યું કે 'હે ભાઇ! લગારે ગભરાશો નહિં. લગારે મુંઝાયા વગર શાંતિથી મને સાચી હકીકત કહો, જેથી હું તમારૂં ઉચિત કરૂં.' એવાં આશ્વાસનદાયક મિત્રનાં અમૃત વચનોને સાંભળી મંત્રી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો અને ગદ્ગદ્ શબ્દે પોતે પોતાની ખરી હકીકત નિવેદન કરવા લાગ્યો. મંત્રીની દુઃખની વાત જાણી જૂહારમિત્રે કહ્યું કે 'ભાઇ! તમારે લગારે ડરવું નહિં. જ્યાંસુધી મારા ખોળિયામાં પ્રાણ હશે ત્યાંસુધી તમારો વાળ પણ વાંકો કરવા દઇશ નહિં.' આ પ્રકારનાં પૂરેપૂરા વિશ્વાસ ઉપજાવનારાં વચન સાંભળી મંત્રી મનમાં અત્યંત ખુશી થયો અને પોતે પોતાને આવા એકજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ મિત્રથી કૃતાર્થ માનવા લાગ્યો. અંતે સમય જતાં અલ્પ વખતમાં રાજાનો રોષ શમી ગયો અને મંત્રીની ખાસ જરૂર જણાતાં તેની શોધ કરાવવા લાગ્યો. અને તે જૂહારમિત્ર પાસેથી મળી આવતાં પોતાના સુબુદ્ધિ મંત્રીને સમયોચિત કિંમતી સહાય ( આશ્રય ) આપવા માટે જિતશત્રુ રાજા જૂહારમિત્રનો ભારે ઉપગાર માનવા લાગ્યો.

દૃષ્ટાંત અહીં પુરૂં થાય છે. પરંતુ સંક્ષેપથી તેનો ઉપનય બહુ ઉપયોગી હોવાથી અત્રે કહીશું, જે દરેક આત્માર્થી જનોને ખાસ ધડો લેવાલાયક અને નિરંતર સ્મરણ કરવા યોગ્ય છે. અત્ર રાજાને સ્થાને **યમ** સમજવો અને મંત્રીને સ્થાને **જીવ**--આત્મા સમજવો. જ્યારે દુર્દૈવયોગે રોગાદિક મહા કષ્ટ આવે છે ત્યારે જીવને મરણનો ( યમનો ) ભય લાગે છે અને તેથી તે ગાભરો બનીને તેથી મુક્ત થવા કંઇ આશ્રય જેવું મળે તે માટે ખાસ વિચારમાં ગરકાવ થઇ જાય છે. મંત્રીની જેમ દરેક જીવને સામાન્ય રીતે ત્રણ પ્રકારના મિત્ર શાસ્ત્રમાં આવી રીતે કહેલા જ છે:---

**नित्यमित्रसमो देहः स्वजनाः पर्वसंनिभाः**
**जूहारमित्रसमो ज्ञेयो, धर्मः परमबांधवः ॥**

**ભાવાર્થ**—નિત્યમિત્ર સમાન આ આપણો **દેહ**—શરીર છે, પર્વમિત્ર સમાન આપણાં **સ્વજન** પરિવાર છે અને જૂહારમિત્ર સમાન પરમ બંધુ **ધર્મ** છે. એ ત્રણે મિત્રોનો સ્વભાવ પ્રથમ દૃષ્ટાંતમાં કહ્યા મુજબ બરાબર મળતો આવે છે.

**વિવેચન**—જે નિત્ય પ્રત્યે આપણી જ સાથે રહે, ખાનપાન સાથે સહી કરે, સાથે જ ઉઠે બેસે, સાથે જ રમે-રમત ગમત કરે તે **નિત્યમિત્ર** કહેવાય છે. તેવો આ દેહ છે. તેની ખાતર કઇંક પ્રકારની વિટંબના જીવ સહે છે, તેને મનગમતાં ભોજન કરાવે છે, તે માટે કઇંક પ્રકારના આરંભ સમારંભ સેવી પોતે પાપના પોટલા બાંધે છે તેમ છતાં જ્યારે જમ રૂઠે છે, અવસાન વખત આવે છે, પોતે મરણની પથારીએ સૂવે છે ત્યારે અથવા તેવા જ રોગાદિક કષ્ટમાં નિત્યમિત્ર સમાન દેહ જીવનું કશું કરતા નથી. જીવથી ઉપરાંઠો થઇ બેસે છે. જાણે કે જીવને અને પોતાને કશો સંબંધ જ ન હોય તેમ જીવથી રીસાઇને તેનાથી જૂદો થવા માગે છે અને જૂદો થઇ પણ જાય છે. અતિ પરિચયથી નિત્યમિત્ર સમાન દેહ સાથે એવું અનિષ્ટ પરિણામ આવે છે. તેથી જ જ્ઞાની પુરૂષોએ એવા અનાર્ય મિત્રનો સંગ વર્જવો કહ્યો છે. વળી જે ટાણે ટચકે એકઠા મળી ખાનપાન સાથે કરે, સુખદુઃખની સાથે મળી વાતો કરે અને પાછા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતપોતાને ઠેકાણે વિખરાઇ જાય તેવા કોઈક શુભાશુભ અવસરે એકઠા થનારા સ્વજન પરિવારને **પર્વમિત્ર** સમાન કહ્યા છે. આપણે ઉપલા દૃષ્ટાંતમાં જોયું તેમ પર્વમિત્ર પણ પરિણામે નિત્યમિત્રની જેમ સ્વાર્થીજ છે. ઝાડ જ્યાં સુધી લીલું હોય છે ત્યાં સુધી પંખીઓ આવી તેના ઉપર કલરવ કરે છે પણ જ્યારે તે સૂકાઇને કેવળ ઠુંઠા જેવું થઇ જાય છે ત્યારે તે તેના સામું પણ જોતાં નથી તેમ કઈક ટાણે ટચકે સારા નરસા પ્રસંગે પોતાના જીવની પેરે પાળેલો પોષેલો સ્વજન પરિવાર અંત વખતે જ્યારે જમ રૂંધે છે, જીવ વ્યાધિગ્રસ્ત થઈ બેભાન થાય છે, આંખના દેવતા ઉઠી જાય છે ત્યારે પણ સહાયભૂત થઇ આ જીવનો બચાવ કરી શકતો નથી. સહુ ટગમગ જોયા કરે છે અથવા ખોટા રોદણાં રોયા કરે છે પરંતુ જમથી કે તેવા પ્રાણાંત કષ્ટથી કોઇ એને બચાવતા નથી–બચાવી શકતા નથી. વસ્તુતઃ **પર્વમિત્ર** સમાન સ્વજન વર્ગની પણ આવીજ સ્થિતિ હોવાથી જ્ઞાની પુરૂષોએ તેમનો સંગ પણ કેવળ સ્વાર્થનિષ્ઠ હોવાથી વર્જવા લાયકજ કહ્યો છે. ત્યારે જુહારમિત્ર જ એક એવો પરગજુ પરદુઃખભંજક મિત્ર છે કે જે આગલા દૃષ્ટાંતમાં જોયા મુજબ પરમ કૃપાળુ અને કૃતજ્ઞ હોવાથી એકવાર પણ પરિચયમાં આવેલા જીવને ભૂલી જતો નથી પરંતુ ખરી વખતે તેને અમૂલ્ય સહાય આપે છે. એવી રીતે પરમ બાંધવની પેરે અમૂલ્ય સહાયને અર્પનારા જુહારમિત્રની ઉપમા જ્ઞાની પુરૂષોએ **પવિત્ર ધર્મ**ને આપી છે તે યથાર્થ છે. કેમકે બાલ્યાવસ્થામાં અજ્ઞાન દશાની બહુલતાથી, યૌવનવયમાં અર્થઅર્જનની ચિંતા, વિષયરસની લુબ્ધતા તથા મદાંધતા પ્રમુખ કારણથી અને જરા અવસ્થામાં ઇંદ્રિયોની શિથિલતા, શરીરની ક્ષીણતા, વ્યાધિગ્રસ્તતા, અને પરાધીનતા પ્રમુખ કઇક કારણોથી જીવ પરમ બાંધવરૂપ પવિત્ર ધર્મથી પ્રાયઃ વિમુખ જ રહે છે. તેમ છતાં જો જુહારમિત્ર સમાન પરમકૃપાળુ અને પરમ કૃતજ્ઞ ધર્મ મહારાજનો આખી જીંદગીમાં કદાચ એક જ વખત પણ પરિચય કરવામાં આવ્યો હોય તો તે પરમ-કૃપાળુ ધર્મમિત્રની અમૂલ્ય સહાય મેળવવા જીવ ભાગ્યશાળી થાય છે–થઈ શકે છે. એવો એ કૃપાળુ ધર્મ શરણ રહિતને શરણદાતા એટલે આશ્રય રહિતને આશ્રયદાતા નિઃસ્વાર્થ બંધુ કહેવાય છે. એથી જ શાસ્ત્રકાર આપણને આગ્રહ-પૂર્વક કહે છે કે નિત્યમિત્ર સમાન દેહમાં તમે ખોટી મમતા બાંધશો નહિ. ભાડાની કોટડીની જેમ તેની સાથે સ્વાર્થ પૂરતો જ સંબંધ રાખજો. તમે ગમે તેટલો તેનો આદર સત્કાર મોહવશ થઇને કરશો તોપણ તે દેહ કદાપિ તમારો થવાનો નથી; કેમકે તે કદાપિ કોઈનો પણ થયો નથી. તે તમને ક્ષણમાં છેહ દઇને જતો રહેશે અને તમે જરૂર છેતરાઈ જશો. કેમકે તેનો તેવો જ સ્વભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત છે. પૂર્વે પણ તેણે અનંત જીવોને છેહ દઇને છેતર્યાં છે. અત્યારે પણ કઇકને છેહ દઇ છેતરે છે અને ભવિષ્યમાં પણ તેમજ કરશે. તો પછી તેનો વિશ્વાસ સુબુદ્ધિ જનો કેમ જ કરે ? ન જ કરે. તેની જેમ પર્વમિત્ર સમાન સ્વજનવર્ગ પણ સ્વાર્થસાધુ જ–કેવળ સ્વાર્થનિષ્ઠ છે; તેથી હે ભવ્યજનો ! તમે પરમકૃપાળુ જુહારમિત્ર સમાન પવિત્ર ધર્મ ઉપર જ સર્વથા વિશ્વાસ રાખો. તેનાથી જ તમારો અંતે ઉદ્ધાર થઇ શકશે. તેનું 'પરદુઃખભંજન' બિરૂદ સાચું જ છે. માટે તેનો જ આશ્રય લહો. હરાયાં ઢોરની પેરે જ્યાં ત્યાં સુખની ભ્રાંતિથી રઝળશો નહિં. કલ્પવૃક્ષને તજી કેરડે શામાટે બાઝો છો ? ચિંતામણિને તજી કાચના કટકાને શામાટે પકડો છો ? જ્યાંસુધી જરા અવસ્થા આવી પહોંચી નથી, વ્યાધિઓએ આવી ઘર કર્યું નથી અને ઇંદ્રિયો ક્ષીણ થઇ નથી ત્યાંસુધી પવિત્ર ધર્મનું સેવન કરી લ્યો, કરી લ્યો ! પછી તમારા હાથમાં બાજી રહેશે નહિં. હજી સવેળા ચેતી જાઓ ! અને ધર્મરસાયણનું પાન કરી લ્યો ! એથી તમારા સઘળા દોષ, સઘળા કલેશ, સઘળી વ્યાધિ યાવત્ તમારા સઘળા વિકાર–જન્મ, જરા અને મરણનાં અસહ્ય અનંતા દુઃખ વિલય પામશે. બાકી આ પામર–પરિણામે છેહ દેનારા સ્વાર્થી દેહની ખાતર મોહાંધ બની તમારે અનેક પ્રકારના બાહ્ય ઔષધ ઉપચાર કરવાની કશી જરૂર નથી. કેમકે પરિણામે એ બધા ઉપચાર નિષ્ફળપ્રાય છે–ફળદાયી નથી. જે સચોટ ફળદાયી ખરો ઉપાય તમારૂં જીવન સુધારવાનો છે તે એજ છે કે તમે બધાં ભામાં મૂકી દઇને એક ધર્મરસાયનનું જ પાન કરો કે જે જાતે જ નિરોગીલું છે. તે તમને પણ નિરોગી કરશે જ. પરંતુ તેમાં તેવી અચળ આસ્થા રાખીને તેનું પ્રીતિથી સેવન કરજો. જે ભવ્યાત્માઓ ખોટી મોહ માયા તજી પરમબાંધવરૂપ, અશરણ શરણ અને અધમોદ્ધારક ધર્મમિત્રની શુદ્ધ નિષ્ઠાથી સેવા કરી સહાય માગશે તેમને તે જરૂર સહાય આપશે. પરંતુ જે પામર પ્રાણીઓ વાઘની જેમ ડરીને તેનાથી દોઢ ગાઉ દૂર નાસશે, પરમકૃપાળુ અને કૃતજ્ઞ ધર્મમાં વિશ્વાસ નહિં રાખશે અને એક નિષ્ઠાથી સેવા કરનારને ગમે તેવા વિષમ સંયોગમાં પણ સહાય કરનાર તે અધમોદ્ધારક ધર્મનો આશ્રય લેશે નહિં તે બાપડાના ભવિષ્યમાં કેવા બૂરા હાલ થાશે તે કહી શકાતું નથી. કેમકે શત્રુંજય માહાત્મ્યમાં શ્રી ધનેશ્વર સૂરીશ્વરે એક અમૂલ્ય શ્લોકવડે અદ્દભૂત કૃપાયોગે અમૂલ્ય બોધ આપતાં સહૃદય જનોને સમજાવ્યું છે કેઃ—

'धर्मेणाधिगतैश्वर्यो, धर्ममेव निहंति यः ।
कथं शुभायतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—પૂર્વ ભવમાં સેવેલા ધર્મના પ્રભાવથી આ ભવમાં પ્રત્યક્ષપણે ઋદ્ધિ સિદ્ધિ પામ્યા છતાં જે મોહવશ અજ્ઞાન પામર જીવ ધર્મનો જ લોપ કરે છે, તે સ્વસ્વામી દ્રોહ કરવારૂપ મહા પાતકી પ્રાણીનું પરિણામે સારૂં શી રીતે થશે? નહિં જ થાય. તેનું સારૂં થવાનો સંભવ જ નથી.

**વિવેચન**—એક સરખી માનવ આકૃતિને ધારણ કરતાં છતાં કઇક રોગી તો કઇક નિરોગી, કઈક પંડિત તો કઇક મૂર્ખ, કઈક રાજા તો કઈક રંક અને કઇક સુખી તો કઈક દુઃખી દીસે છે. તેનું કારણ વિચારી જોતાં બુદ્ધિમાન સમજી શકે છે કે તે પ્રગટ પૂર્વ ભવમાં કરેલી શુભાશુભ કરણીનું જ ફળ છે. જો એમ ન હોય તો એક જ માતાના ઉદરથી ઉત્પન્ન થયેલાં બે બાળકોમાંથી જન્મતાંજ એક બાળક નખમાં પણ રોગ વગરનું અને બીજું તદ્દન રોગિલું દીસે છે અને એવીજ બીજી બહુ બહુ પ્રકારની વિચિત્રતા દીસે છે તેનું બીજું શું સંભવિત પ્રયોજન હોઈ શકે? કશું જ નહિ. તેથી પૂર્વ નિર્ણીત સિદ્ધાંત ઉપર આવવું જ પડે છે. માટે સુખના અર્થી જનોએ ગમે ત્યારે અને ગમે તેવા સમવિષમ સંયોગોમાં પણ અવશ્ય ધર્મનું સેવન કરવું. જે બાપડા અજ્ઞાન-પામર પ્રાણીઓ પવિત્ર ધર્મથી સદાય વંચિત રહે છે તે કદાપિ સુખના ગંધને પણ પામી શક્તા નથી. અને જે પૂર્વ ભવમાં કંઈક અંશે ધર્મનું સેવન કરવાથી અહીં પ્રત્યક્ષ સુખ પામ્યા છતાં તે ઉપગારી ધર્મથી પાછા વિમુખ રહે છે તે સ્વસ્વામી દ્રોહી હોવાથી મહા પાતકી ગણાય છે, જેથી તેવા પામર પ્રાણીનું પરિણામે શ્રેય થવું દુર્ઘટ છે. જો સુખની ખરી ચાહના હોય તો ધર્મથી વિમુખ ન જ રહેવું જોઇયે. ઇતિશમ્.

# चंद राजाना रास उपरथी नीकळतो सार

( અનુસંધાન પૃષ્ટ ૯૦ થી )

વિમળ પુરીએ ગયેલા વેપારીઓ તો ત્યાં રહ્યા અને વ્યાપાર કરવા લાગ્યા. મકરધ્વજ રાજાએ પોતાના બુદ્ધિના ભંડાર જેવા મંત્રીને બોલાવ્યો અને તેને કનકધ્વજના રૂપ સંબંધી વાત કહી સંભળાવી. મંત્રીએ પૂછયું કે-“ મને આ વાત કહેવાનો હેતુ શો છે ? ” રાજાએ કહ્યું કે-“ મારી પુત્રી પ્રેમલા માટે વરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધમાં આપણે છીએ, તેવામાં આ અચાનક સંયોગ મળી ગયા છે. તેને યોગ્ય આ વર જણાય છે. પુત્રીને યોગ્ય વર મળે તો મને આનંદ થાય. આના જેવો બીજો વર મળવો મુશ્કેલ જણાય છે તેવું જો તમારૂં મન માને તો તેની સાથે પ્રેમલાનો વિવાહ કરીએ.” મંત્રી બોલ્યો કે–“ મહારાજ ! પરદેશીની વાત ઉપર ભરૂસો કેમ રખાય ? ભલો કે ભુંડો પણ પોતાનો હોય તે સૌને વહાલો લાગે છે અને તેની પરદેશમાં પ્રશંસા પણ થાય છે. પોતાની માને કોઇ ડાકણ કહેતું નથી. વળી પોતાના દેશના કાંટા પણ પ્રિય લાગે છે અને પરદેશના ફુલ પ્રિય લાગતા નથી. આમ હોવાથી તે વેપારીઓના વચન ઉપર તો પ્રતીત રખાય નહીં કારણ કે તે ત્યાંનાજ રહીશ છે. તેથી જો કોઇ બીજા ત્રાહિત માણસો જે પરદેશી હોય તે તેની પ્રશંસા કરે તો મનમાં નિશ્ચય થઇ શકે.” રાજાએ મંત્રીની વાત કબુલ કરી. પછી પુત્રીને વિસર્જન કરી અને રાજા રયવાડીએ ગયો. અટવીમાં જઇને રાજાએ ઘણા મૃગાદિ પશુઓને ઉપદ્રવિત કર્યા, પાછળથી મંત્રી પણ ત્યાં આવ્યો. પછી રાજા શ્રમિત થઇને નજીકમાં એક સરોવર હતું તેની પાળ ઉપર જઇને વિસામો લેવા બેઠા.

તેવામાં કોઈ દેશના સોદાગરો પાણી પીવા માટે તે સરોવરે આવ્યા. સરોવરમાંથી નિર્મળ જળ પીને તેઓ પાછા વળ્યા. એટલે મકરધ્વજ રાજાએ તેને બોલાવ્યા. અને આદરપૂર્વક પૂછ્યું કે—“ તમે પરદેશી મુસાફરો છો તો તમે અનેક દેશોમાં અનેક કૌતુકો જોયા હશે તેમાંથી મારે જાણવા જેવું કોઈ કૌતુક હોય તો કહો. તમે આકૃતિએ પણ વિચક્ષણ જણાઓ છો તેથી મારી ઇચ્છા પૂર્ણ કરો.”

રાજાએ આ પ્રમાણે કહેવાથી સોદાગરો તેમની પાસે બેઠા. અને પોતે જાણેલી અદ્ભુત વાર્તા કહેવા લાગ્યા. તેઓ બોલ્યા કે—“ હે રાજેંદ્ર ! અમે ફરતા ફરતા સિંધુ દેશમાં ગયા હતા, ત્યાં સિંહલપુરી નામે નગરીમાં કનકરથ નામે રાજા છે. તેને કનકધ્વજ નામે પુત્ર છે. તે રૂપ રંગનો ભંડાર છે. દેશ વિદેશમાં તેની કીર્ત્તિ વિસ્તરેલી છે. પણ તે કુમાર ભોંયરામાં જ રહે છે. તેને બહાર લાવવામાં આવતો નથી. જો તેને શરીરે પવન લાગે તોપણ તે ફુલની જેમ કુમળાઈ જાય એવો તે સુકોમળ છે. તેનું રૂપ અલોકિક છે પણ તે કોઇએ જોયું નથી. હે મહારાજ ! અમે એ અચરિજ સાંભળ્યું છે.” રાજાએ તેની વાત સાંભળીને તેમને વિદાય કર્યા. મનમાં નિરધાર કર્યો કે પ્રેમલાનો વિવાહ એની સાથે જ કરવો. વ્યાપારીઓના વચનપર પણ હવે વિશ્વાસ બેઠો. પછી સંધ્યા સમય થયો એટલે રાજા ઘરે આવ્યા. અને મંત્રીને પોતાનો વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવ્યો, પરંતુ મંત્રીએ કહ્યું કે—"મને હજુ પણ શંકા રહે છે, વિશ્વાસ આવતો નથી. કારણકે કાને સાંભળવાથી એ વાતની પ્રતીત થઈ શકે નહીં, નજરે જોવામાં આવે તોજ સાચું મનાય; માટે આપણા કોઈ સેવક ત્યાં જાય અને તેનું રૂપ નજરે જુએ પછી અહીં આવીને કહે તો તેની સાથે પ્રેમલાલચ્છીનો વિવાહ જોડવો. આ કાંઈ નાની સુની વાત નથી. આખી જીંદગીનો સંબંધ જોડવો છે તેથી તપાસ તો પૂરી કરવી."

મંત્રીના આવાં વચન સાંભળીને રાજાએ અમારા ગામના વેપારીઓને તેડાવ્યા અને આદર સત્કાર કરીને કહ્યું કે "તમે એક અમારૂં કામ કરો. તમે મારા પ્રધાનોને સાથે લઇને સિંહલપુરી જાઓ. ત્યાં તેમને કુંવરનું રૂપ બતાવો અને જો તેનું રૂપ કુંવરી જેવું હોય તો તમે ત્યાંજ શ્રીફળ આપીને વિવાહ નક્કી કરજો. આટલું કામ કરી આપવાથી હું તમારો આભાર માનીશ અને કોઇ દિવસ એ ઉપકાર ભૂલીશ નહીં." વેપારીઓ બોલ્યા કે "એમાં મોટી વાત શું છે? આપના હુકમ પ્રમાણે અમે ખુશીથી કામ કરી આપશું. કારણ કે અહીં તમારી પુત્રી અને ત્યાં કનકરથ રાજાનો પુત્ર બંનેની સરખે સરખી કોઇ પણ પ્રકારની ખોટ ખાંપણ વિનાની જોડી છે. તો તે મેળવવામાં અમે બનતો પ્રયાસ કરશું. આપના પ્રધાનોને અમારી સાથે મોકલો, અમે તેની અમારાથી બનશે તેવી ચાકરી કરશું." રાજાએ તરતજ ચાર બુદ્ધિમાન પ્રધાનોને તૈયાર કર્યા, અને અમારા ગામના વેપારીઓની સાથે સિંહલપુરી તરફ વિદાય કર્યા. તેઓ અનુક્રમે સિંહલપુરી આવ્યા. વ્યાપારીઓને ત્યાં ઉતર્યા. વ્યાપારીઓએ તેમને સારી રીતે ભોજનાદિકવડે સંતુષ્ટ કર્યા.

સંધ્યાકાળ થયો એટલે વેપારીઓ પેલા પ્રધાન પુરૂષોને લઇને કનકરથરાજા પાસે આવ્યા. પ્રથમ પ્રધાનોને બહાર બેસાડીને તેઓ રાજાને મળ્યા અને બધી વાત કરી બતાવી. તેઓએ છેવટે કહ્યું કે "મકરધ્વજ રાજાના પ્રધાનો આપણા રાજકુમાર સાથે રાજપુત્રી પ્રેમલાલચ્છી જે અત્યંત રૂપવંત છે અને જેને અમે નજરે જોયેલી છે તેનો વિવાહ કરવા અમારી સાથે આવ્યા છે. અને તેઓ બહાર ઉભા છે." રાજાએ તરતજ તેમને અંદર લાવવા આજ્ઞા કરી. પ્રધાનોએ તે સાંભળતાં અંદર આવી રાજાને પ્રણામ કર્યા અને કેટલીક પ્રશંસા કરી. રાજાએ હર્ષિત થઇને તેઓને આસનપર બેસાડ્યા. કુશળ સમાચાર પૂછ્યા. પછી કહ્યું કે "તમે ક્યાંથી આવ્યા છો? ક્યાં સુધી જવું છે? કોણે મોકલ્યા છે? ને શું કાર્ય છે?" રાજા તરફથી આમ પ્રશ્ન થતાં તે ચાર પ્રધાનોમાંથી એક અવસર ઉચિત બોલનાર ચતુર પ્રધાન હતો તે બોલ્યો કે–"હે રાજન્! અમે સોરઠ દેશથી આવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ અને અમારા મકરધ્વજ રાજાએ અમને તમારી પાસેજ મોકલ્યા છે. આ તમારા ગામના વેપારીઓએ અમારા રાજાની પાસે તમારી ઘણી પ્રશંસા કરી અને તમારા પુત્ર કનકધ્વજના રૂપના પણ ઘણાં વખાણ કર્યાં. બીજા સોદાગરો આવ્યાં હતા તેમણે પણ તમારા પુત્રના રૂપની પ્રશંસા કરી. તમારો પુત્ર એવો રૂપવંત હોય તેમાં નવાઈ પણ નથી. કેમકે હંસના કુળમાં તો હંસજ હોય. અમારા રાજાને એક પ્રેમલાલચ્છી નામે પુત્રી છે તે પણ ઘણી રૂપવંત છે. તેની સાથે તમારા પુત્રનો વિવાહ મેળવવા અમને અહીં મોકલ્યા છે. આ વાતમાં તમારે પણ કાંઇ આનાકાની કરવા જેવું નથી. કારણ કે તે સોરઠ દેશનો રાજા છે; અને તમે સિંહલ દેશના રાજા છો; સરખે સરખી જોડ છે; વળી તમે જાણો છો કે અમે પણ ઘણી ભૂમિ ઉલ્લંઘીને એ કાર્ય માટેજ અહીં આવ્યા છીએ અને વિવાહ મેળવ્યા વિના પાછા જવાના નથી."

મકરધ્વજ રાજાના પ્રધાનોની આ પ્રમાણેની હકીકત સાંભળીને સિંહલરાજા બોલ્યા –"તમે વાત કહી તે સાંભળી. પણ તમે આટલા બધા ઉતાવળા કેમ થાઓ છો ? ઉતાવળા કામ કરવામાં સ્વાદ આવતો નથી. ધીરજના ફળ મીઠાં કહેવાય છે. તમારા રાજાએ અહીં સુધી તમને મોકલ્યા તો તે બહુ સારૂં કર્યું. અમે તમારૂં કહેવું માથે ચડાવી લીધું. હવે તમે જરા સ્વસ્થ થાઓ. અમે વિચાર કરીને આનો ઉત્તર આપશું. તમે દૂર દેશાંતરથી આવ્યા છો તો તમને દિલગીર નહીં કરીએ. પણ હજી અમારો પુત્ર નાનો છે. અત્યારથી વિવાહની વાત શી ? જ્યારે મોટો થશે ત્યારે વિવાહ કરશું. વળી તેણે હજી સુધી ઘરનું આંગણું પણ જોયું નથી. હજી તો ભોંયરામાં જ રહે છે. અમે ખોળામાં લઇને તેને રમાડયો પણ નથી. વળી તમારા રાજાની પુત્રીને અમે જોઈ નથી, તો કન્યા જોયા વિના વિવાહ પણ કેમ થાય ? તે છતાં તમારા રાજાને બહુ ઉતાવળ જ હોય તો ખુશીથી બીજે વર શોધી લ્યો; એમાં અમને કાંઇ વાંધો નથી."

આ પ્રમાણે કહીને આવેલા પ્રધાનોને રાજાએ ઉતારે મોકલ્યા. પછી મને બોલાવીને કહ્યું કે–"હે હિંસક ! કહે હવે શું કરવું છે ? આમ રોજ રોજ દેશાવરી માણસને કયાં સુધી ભોળવ્યા કરશું ? આવી મહા રૂપવંત કન્યા અને આપણો કુષ્ટિપુત્ર તેનો વિવાહ શી રીતે જોડાય ? મને તો આવું કુડ કપટ કરવું કોઇ રીતે ગમતું નથી. કારણ કે કુડ ત્યાં ધુડ છે, કુડ કળીનું સ્વરૂપ છે, સૌથી ભુંડું કુડ છે. સત્કર્મને તો તે કુહાડા જેવું છે. માટે આ પ્રધાનો જે આશાભર્યા આવ્યા છે તેને ખરી વાત કહી દેવી ને પાછા મોકલવા. દેખીપેખીને દેવકન્યા જેવી રાજપુત્રી સાથે આપણા કોઢી પુત્રનો વિવાહ ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વે ઘણા કુડ કપટ કર્યાં હશે તેથી પુત્ર કુષ્ટિ થયો છે. વળી આ ભવમાં કુડ કપટ કરીએ તો તેનાં ફળ કેવાં અનિષ્ટ ભોગવવાં પડે ? તેથી મારૂં મન તો એવો અન્યાય કરવામાં વધતું નથી. તારા વિચારમાં શું આવે છે તે કહે. ”

રાજાના આ પ્રમાણેના વચનો સાંભળી ને મેં કહ્યું કે—“ હે રાજન્ ! હજી સુધી રાજપુત્ર કુષ્ટિ છે એમ કોઇએ જાણ્યું નથી. જો આમ જ કરવું હતું તો પછી તેને ભોંયરામાં શામાટે રાખવો હતો ? મૂળથી જ જૂઠું કરવું નહોતું. જ્યારે એકવાર જૂઠું કર્યું છે તો હવે બ્હીવું નહીં; ચલાવ્યા જવું. જ્યાંસુધી દિવસ પાધરા છે ત્યાંસુધી બધું ઠીક થઇ રહેશે. આ પ્રધાનો દૂર દેશથી આવ્યા છે તો તેને નિરાશ ન કરવા. મન ગમતો વિવાહ મળ્યો છે તે કરી લેવો. આપણે કુળદેવીને આરાધીશું ને કોઇ પણ રીતે પુત્રને નિરોગી કરશું. માટે હવે જે આદર્યું છે તે પૂરૂં કરવું. હારી જવું નહીં. આ જગત્‌માં જૂઠું તો બહુ મીઠું છે. જૂઠથી સંપત્તિ મળે છે અને પ્રતિકૂળ હોય તે અનુકૂળ થાય છે. માટે જૂઠાથી ડરી જવા જેવું નથી. ચોરી કરનારની સારવાર કરનાર પણ મળી આવે છે, તો આપણે કાંઇ કરી નહીં શકીએ ? બધું કરશું ને પાર ઉતરશું. માટે તમે લગાર પણ ચિંતા કરશો નહીં. ”

મારી આ પ્રમાણેની વાત સાંભળીને રાજાએ મને કહ્યું કે– “ તારૂં કર્યું તું ભોગવ. તારે ગમે તે કર. હું એમાં વચ્ચે આવવાનો નથી. ” મારી અને રાજાની આ પ્રમાણેની વાતચિત ચાલે છે તેવામાં મકરધ્વજ રાજાના પ્રધાનો ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે—“ હે રાજન્ ! તમે આટલા દિવસ વાતમાં ને વિચારમાં કાઢી નાખ્યા. હવે આપની ઇચ્છા ન જ હોય તો કાંઇ પરાણે પ્રીત થતી નથી. પણ અમારૂં કહેવું એમ છે કે જો તમારો પુત્ર બીજી પણ રાજકન્યા પરણશે તો અમે શી ચોરી કરી છે કે અમારી રાજપુત્રી ન પરણે ? વળી રાજપુત્ર રાજપુત્રીને પરણે એ તો જગત્‌ની રીત છે; પણ તમે તો કાંઇ નવી રીત કરવા ધારી જણાય છે ! વળી અમારી રાજપુત્રી એકવાર તમારા પુત્રની સ્ત્રી કહેવાણી તેને હવે બીજાને આપશું તેમાં તમારી લાજ પણ શી રહેશે ? લક્ષ્મી ચાલીને ઘરે આવે ત્યારે તેને પાછી કોણ વાળે ? માટે તમે ડાહ્યા થઇને ભૂલો છો. હજુ પણ અમારૂં કહેવું એમ છે કે આવેલો અવસર ચૂકવો ઠીક નથી. ”

પ્રધાનોની આ પ્રમાણેની વાત સાંભળીને હે ચંદ નરેશ ! મેં અમારા રાજાને કહ્યું કે—“ આની વિનંતિનો સ્વીકાર કરો. એને નિરાશ કરીને પાછા વાળવા ઠીક નથી. દૂર દેશથી એઓ અહીં સુધી આવ્યા. એને ફોગટ પાછા ફેરવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં આપણી પણ આબરૂ નથી. વળી કનકધ્વજ કુમાર ને પ્રેમલાલચ્છી પરણશે તેથી આપણો ને વિમળાપુરીના રાજાના સ્નેહ પણ વૃદ્ધિ પામશે.” આ પ્રમાણે કહીને મેં અમારા રાજાની ઉપરવટ તે વિવાહનો સ્વીકાર કર્યો ને શ્રીફળ લીધું તેમજ પાન સોપારી વહેંચ્યા. એટલે તે પ્રધાનો પણ રાજી થયા. અમારા રાજાને તે વાત પસંદ પડી નહીં. બાકી બીજા તો બધા સજ્જન કુટુંબીઓ એકઠા મળ્યા અને સૌ આનંદ પામ્યા. પછી પેલા ચાર પ્રધાનોએ હર્ષિત થઇને મને કહ્યું કે—“તમે વિવાહ કબુલ કરાવીને અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે, પણ હવે અમને કુંવર દેખાડો કે જેથી અમે અમારા સ્વામી પાસે જઇને તેનું વૃત્તાંત કહી શકીએ. અમને પણ તેને જોવાની ઘણી હોંશ છે, તેથી અમને નયણે દેખાડીને કૃતાર્થ કરો.”

એ પ્રધાનોનો આવો આગ્રહ જોઇને મેં કપટ કેળવી ઉત્તર આપ્યો કે—“કુંવર તો એને મોસાળ રહે છે. તે અહીંથી દોઢસો યોજન દૂર છે. વળી તેની પાસે તો માત્ર એક ધાવજ રહે છે. કુંવર ત્યાંપણ ભોંયરામાં રહે છે અને તેને ભણાવનાર બહાર રહીને ભણાવે છે. તેને પણ કુંવરનું દર્શન થતું નથી તો તમારી તેને જોવાની આશા પૂરી થવાની નથી. સૂર્યના કિરણ પણ તેને સ્પર્શ કરી શકયા નથી, તો તમારી શી ગુંજાશ છે કે તમે જોઇ શકો?” આ પ્રમાણે કહ્યા છતાં પણ તેઓએ તો તેને જોવાનો હઠ જ લીધો. એટલે પછી હું તે ચારેને મારે ઘરે તેડી ગયો. અને ત્યાં તેને નવરાવી વિલેપન કરાવી ઉત્તમ વસ્ત્રાભૂષણો પહેરાવી અનેક પ્રકારની રસોઇ જમાડીને સંતુષ્ટ કર્યા અને મણિરત્નાદિકના આભૂષણો આપી રાજી કર્યા. તો પણ તેઓએ પાછો હઠ કરવા માંડ્યો કે—અમને રાજપુત્ર દેખાડ્યો તો પડશે. પછી મેં કહ્યું કે—“તમે ખોટો આગ્રહ શામાટે કરો છો? કુંવર અત્યંત રૂપાળો છે. વળી જે વાતથી તમારા રાજા તમને ખીજે એવું અમે જ શામાટે કરીએ. અમે પણ સાત ગળણે ગળીને પાણી પીનારા છીએ. કપટ કરવાના ઠેકાણા બીજા ઘણા છે, તેથી અહીં કપટ કરીએ જ નહીં. વળી કુંવર કાંઈ છાનો નથી. સૌ જાણે છે કે તે મહા રૂપવંત છે. અમે જે કામ કર્યું છે તે વિચારીને જ કર્યું છે. એમાં તમારી હાંસી થાય એવું નથી. જો કે આ ઠેકાણું અમારે યોગ્ય નથી; પણ અમારાથી તમારૂં વચન લોપાણું નહીં તેથી જ આ સગાઇ કરી છે. તમે પણ કોઈ સારા શુકન જોઇને આવેલા તેથી મન ગમતું કાર્ય કરીને જાઓ છો. અને પ્રેમલા પણ પૂરી ભાગ્યશાળી, તેણે સાચે મને ગોરીની પૂજા કરેલી તેથી જ તે આવો વર પામી છે! હવે તમે વધારે હઠ શામાટે કરો છો? અમે એક રોટલીના બદલામાં આખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરહટ્ટ વેચી નાખ્યો છે. પૂર્વના લેખ લખેલા તેથી જ આ સગાઇ થઇ છે, માટે હવે એમાં કાંઇ બોલવા જેવું નથી." આ પ્રમાણે ઘણી રીતે કહેતાં પણ જ્યારે તે ફોસલાણા નહીં ત્યારે પછી ચારેને ક્રોડ ક્રોડ ટકા આપીને લલચાવ્યા. એટલે પછી તો તે બોલ્યા જ નહીં. જાણે કપાળમાં ડાંભ દીધો હોય તેમ ટાઢા જ થઇ ગયા. જે રાતા પીળા થઈ જતા હતા તે શીળા થઇ ગયા અને દામના દાસ થઇ જઇને બોલ્યા કે–"કહો, હવે લગ્નનો દિવસ કયો નક્કી કરો છો ?"

પછી અમે સૌ સિંહલરાજા પાસે આવ્યા અને ત્યાં પંડીત જોષીઓને બોલાવ્યા, અને તેમના કહેવા પ્રમાણે છ મહીના પછીનું લગ્ન નક્કી કર્યું. રાજાએ તે પ્રધાનોનું સન્માન કર્યું એટલે તેઓ પણ મુંગે મોઢે ત્યાંથી પોતાના દેશ તરફ જવા ચાલી નીકળ્યા. અમે આપેલા પૈસા તેમણે અગાઉથી જ પોતાને દેશ મોકલી દીધા. ત્યાં જઇને તેમણે પોતાના રાજા પાસે સગાઈ કરી આવ્યાની વાત કરી અને કુંવરના રૂપના ખૂબ વખાણ કર્યાં. એટલે મકરધ્વજ રાજા પણ બહુ ખુશી થયો અને તે ચારેને લાખ લાખ દ્રવ્યનો પસાય કર્યો. તેણે આમાં કાંઈ પણ કપટ છે એમ જાણ્યું નહીં.

અહીં અમે પાછળથી જાનની તૈયારી કરવા માંડી. હાથી, ઘોડા, રથ તમામ તૈયાર કર્યા. જાનૈયાઓ પણ તૈયાર થવા લાગ્યા. આવી બહુ ધામધુમ જોઇને લોકો પૂછવા લાગ્યા કે—'આટલી બધી ધામધુમ શેની છે ?' એટલે રાજસેવકો કહેવા લાગ્યા કે—'રાજપુત્ર પરણવા જનાર છે તેની જાનની આ બધી તૈયારી છે.' એટલે લોકો પણ આનંદ પામ્યા અને હવે આપણે રાજપુત્રને જોશું એમ ધારી તેને જોવાને તલ્પી રહ્યા. આ પ્રમાણેની બધી તૈયારી જોઇને સિંહલરાજાએ મને એકાંતમાં બોલાવી કહ્યું કે—"અરે ભુંડા ! આ બધી તૈયારી કરીને કન્યાનો ભવ કયાં બગાડે છે ? કનકધ્વજનું રૂપ ચોરીમાં પ્રગટ થશે. પછી પ્રેમલા તેને કેમ પરણશે ? એ વખતે આપણો ફજેતો થશે અને આપણે પણ શું મોઢું બતાવશું ?" ત્યારે મેં કહ્યું કે—"તમે ચિંતા ન કરો અને કુળદેવીને આરાધો. તેનાથી આપણી ચિંતા ટળશે." રાજાએ તરતજ તે વાત કબુલ કરી ને કુળદેવીને આરાધી. તે પ્રગટ થઇને બોલી કે—'વારેવારે મને શા માટે બોલાવો છો ?' રાજાએ કહ્યું કે—'હે માતા ! મારી ના છતાં પ્રધાને અયુક્ત કાર્ય કર્યું છે. હવે જીતવાનું તમારે હાથે છે માટે કોઇ પણ રીતે કુંવરને નિરોગી કરો. તે શિવાય બીજો ઉપાય નથી. તમે કુળમાતા છો તો અમારૂં દુઃખ ટાળવું તે તમારૂં કામ છે." દેવી બોલી કે—"હે રાજન્ ! કું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરને પૂર્વકર્મજન્ય રોગ છે તે તો કોઇ રીતે દૂર થવાનો નથી. પરંતુ હું તમારી ચિંતા ટાળીશ. લગ્નની રાત્રિએ આભા નગરીનો રાજા ચંદ પોતાની વિમાતા ને સ્ત્રીની પાછળ વિમળાપુરીએ આવશે અને તે પ્રેમલાને પરણશે. આટલું હું કરી આપીશ. માટે તમે ધીરજ રાખજો.” આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઇ. સિંહલરાજા હર્ષ પામ્યો અને જાનની તૈયારી ઉતાવળે કરવા માંડી. પ્રયાણને દિવસે એક હાથી ઉપર પડદા વાળી અંબાડીમાં કનકધ્વજને બેસાડ્યો. અમારી કપટરચના કોઇને જણાવા ન દીધી. પછી ત્યાંથી પ્રયાણ કરી આડંબર સાથે ચાલતાં અનુક્રમે અમે અહીં વિમળાપુરી આવ્યા. અને મકરધ્વજ રાજાને મળ્યા. અમને તેણે ઘણો સરસ ઉતારો આપ્યો અને અમારી સુંદર ભોજનાદિવડે ભક્તિ કરવા માંડી.

હવે આજ રાત્રે પ્રેમલા ને કનકધ્વજનો વિવાહ થવાનો છે. તે પ્રસંગે કુળદેવીના વચનથી અમે આ નગરની સાતે પોળે માણસો બેસાડ્યા છે. કુળદેવીના કહેવા પ્રમાણે બે સ્ત્રીઓની પાછળ તમે આવ્યા છો અને તેથીજ અમે તમને આભાનરેશ ચંદરાજા તરીકે ઓળખ્યા છે. તમને જોઇને અમે આનંદ પામ્યા છીએ. હવે અમારી વિનંતિનો તમે સ્વીકાર કરો અને પ્રેમલાલચ્છી પરણી આપો. હવે જો તમે હા નહીં પાડો તો અમે પાંચે જણા લાંઘીશું. અમને જીવાડવા કે મારવા એ તમારા હાથમાં છે. અમારી લાજ પણ તમારા હાથમાં છે. હવે અમારા દુશ્મનોને હસાવવા હોય તો તમારી મરજી. અહીં કદી વધારે રકઝક કરશો તો રાજમંદીર પાસે છે એટલે બધી વાત ઉઘાડી પડશે. વળી અગાઉ પણ ઘણા પુરૂષો ભાડે પરણ્યા છે. તમારે કાંઈ પહેલ કરવાની નથી. તમને એમાં કાંઈ દોષ લાગવાનો નથી. વળી રકઝકમાં વધારે વખત જવાથી રાત વિતશે ને વાત રહી જશે, માટે જલદી હા પાડો. અમે રાજપુત્રમાં અને તમારામાં દેવીના વચનથી બીલકુલ અંતર ગણતા જ નથી.”

આ પ્રમાણેની હિંસકમંત્રીની કહેલી તમામ હકીકત સાંભળીને ચંદરાજાએ સિંહળ નૃપને ઉદ્દેશીને કહ્યું કે-“ આ વાત તમારે કરવી ઘટતી નથી. આમાં હવે હિંસકને પણ કેટલો ઓલંભો દઇએ. આ રીત તદ્દન ખોટી છે-કરવા યોગ્ય નથી. વળી હું એવી સુંદર રાજકન્યાને પરણીને તમને કેમ સોંપું? એવી રીતે કરવાથી ક્ષત્રીવટ લાજે તે પણ મારાથી કેમ બને ? ” આ પ્રમાણે ચંદરાજાએ ઘણી યુક્તિ પ્રયુક્તિ કરી પણ છેવટે રાજા ને મંત્રીએ મળીને અનેક પ્રકારના કુડકપટથી ચંદરાજાના ચિત્તને રીઝવ્યું. એટલે ઉંડો વિચાર કરીને ચંદરાજાએ પરણી આપવાની હા પાડી. તેથી સિંહલરાજા ઘણો હર્ષિત થયો અને એકદમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરને શણગારવાની અને વરઘોડાની તૈયારી કરવા માંડી. ચારે બાજુ આનંદના વાજીંત્રો વાગવા માંડ્યા.

હવે ચંદરાજા પ્રેમલાલચ્છીને પરણશે અને તેને તજી દઈને વિમાતાની સાથે આભાપુરી ચાલ્યા જશે એ બધું આપણે આગળના પ્રકરણમાં વાંચશું. હાલ તો આ મોટા પ્રકરણમાંથી રહસ્ય શું ગ્રહણ કરવાનું છે તે વિચારીએ કે જેથી આટલી હકીકત જાણ્યાની સાર્થકતા થાય. અપૂર્ણ.

# द्रव्यावश्यक.

શ્રી વિશેષાવશ્યકમાં આવશ્યક શબ્દના દ્રવ્ય નિક્ષેપાની વ્યાખ્યા કરતાં કહ્યુ છે કે- દ્રવ્યાવશ્યક બે પ્રકારે. આગમથી ને નોઆગમથી. તેમાં આગમથી દ્રવ્યાવશ્યક કોને કહીએ ? આવશ્યકને કહેતો-બોલતો એવો તેનો અધ્યેતા કે જે આવશ્યકના ઉપયોગ રહિત હોય તે. જેણે પ્રથમ આવશ્યક એ પદ શિક્ષિત હોય, સ્થિત હોય, જિત, મિત. પરિજિત, નામસમ, ઘોષસમ, અહીનાક્ષર, અનત્યક્ષર, અવ્યાવિદ્ધાક્ષર, અસ્ખલિત, અમિલિત, અવ્યત્યાગ્રેડિત, પરિપૂર્ણ, પરિપૂર્ણઘોષ, કંઠોષ્ઠવિપ્રમુક્ત, ગુરૂવાચનોપગત હોય તેજ અહીં વાચનામાં, પૃચ્છામાં પરિવર્તનામાં અને ધર્મકથામાં પ્રવર્તાવી શકાય છે.

ઉપર જણાવેલા દરેક વિશેષણની વ્યાખ્યા આ પ્રમાણે છે.

૧ શિક્ષિતં એટલે સર્વ અભ્યાસ કરેલ હોય. શિખેલ હોય.

૨ સ્થિતં-હૃદયમાં વ્યવસ્થિત હોય, પ્રચ્યુત થયેલ ન હોય, ભૂલી જવાયેલું ન હોય.

૩ જિતં-શિઘ્ર યાદ આવે તેવું હોય.

૪ મિતં-વર્ણાદિકવડે બરાબર સંખ્યાવાળું હોય.

૫ પરિજિતં-જે ભણેલું ઉત્ક્રમવડે [૧] પણ કહી શકાય તેવું દૃઢ હોય.

૬ નામસમં-પોતાના નામ જેવું-ન ભૂલાય તેવું હોય. જેમ પોતાનું નામ શિખ્યા પછી ભૂલાતું નથી તેવું શિક્ષિત, તેમજ જેવું પોતાનું નામ સ્થિત, જિત, મિત ને પરિજિત હોય તેવું આવશ્યક પણ હોય.

૧. અવળાક્રમથી કહેવું હોય તોપણ કહી શકાય તેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ ઘોષસમં-વાચનાચાર્યના ઉચ્ચારણ પ્રમાણે ઉદાત્ત, અનુદાત્ત ને સ્વરિત. એવા ઘોષપૂર્વક (બોલીને) ગ્રહણ કરેલું હોય.

૮ અહીનાક્ષરં-ઓછો અક્ષર ન હોય.

૯ અનત્યક્ષરં-અધિક અક્ષર ન હોય.

૧૦ અવ્યાવિદ્ધાક્ષરં-આભીરીએ પરોવેલી રત્નમાળામાં જેમ રત્ન સમૂહ આઘો પાછો-જેમ તેમ પરોવેલ હોય તેમ વ્યત્યાસિત વર્ણવિન્યાસવાળું એટલે આડા અવળા વર્ણોવાળું જે હોય તે વ્યાવિદ્ધાક્ષર કહીએ. એવું ન હોય તે અવ્યાવિદ્ધાક્ષર કહીએ. આ વિશેષણ વર્ણ માત્રની અપેક્ષાએ જાણવું. પદવાક્યની અપેક્ષાએ ન જાણવું કારણકે તેને માટે આગળ બીજું વિશેષણ છે.

૧૧ અસ્ખળિતં-નાના મોટા પથ્થરવાળી જમીનમાં જેમ હળ સ્ખળના પામે તેમ સ્ખળનાવાળું ન હોય તે અસ્ખળિત.

૧૨ અમિલિતં-વિસદૃશ અનેક પ્રકારના ધાન્યને મેળવનારની જેમ જે મળેલું નહીં તે અમિલિત અથવા વિપર્યસ્ત પદ વાક્ય જેમાં મેળવેલાં ન હોય-યથાસ્થિતજ મેળવેલા હોય તે અમિલિત અથવા પદવાક્યનો વિચ્છેદ જેમાં બરાબર છે-જેમ તેમ મેળવી દીધેલો નથી તે અમિલિત.

૧૩ અવ્યત્યાંમ્રેડિતં-વિવિધ પ્રકારના અનેક શાસ્ત્રોના પદ વાક્યરૂપ પલ્લવોને વિમિશ્ર કરી દીધેલા હોય તે વ્યત્યામ્રેડિત અથવા અસ્થાન છિન્નગ્રંથિત એટલે જ્યાં ત્યાંથી જેમ તેમ પદોને કે વાક્યોને ત્રોડી નાખીને ગુંથી કાઢેલા હોય તે પણ વ્યત્યામ્રેડિત, જેમ-**प्राप्त राज्यस्य रामस्य राक्षसा निधनं गताः** આવા ઘડા વિનાના પદો મેળવી દીધા હોય તે. કોળીએ કરેલી ક્ષીરમાં જેમ દુધ ચોખા ભળેલા ન હોય તેના જેવું ન હોય-બરાબર યથાસ્થિત પદવાક્યાદિકની સંયોજના કરેલી હોય તે અવ્યત્યામ્રેડિત.

૧૪ પરિપૂર્ણ-છંદને આશ્રીને જે માત્રાદિ નિયત માનવાળું હોય તે સૂત્રથી પરિપૂર્ણ અને આકાંક્ષાદિ દોષરહિત હોય તે અર્થથી પરિપૂર્ણ. અથવા જે ક્રિયા વિગેરેના અધ્યાહાર વિનાનું હોય-અસ્વતંત્ર ન હોય તે અર્થથી પરિપૂર્ણ જાણવું.

૧૫ પરિપૂર્ણ ઘોષં-પરાવર્ત્તનાદિક કરતાં જે ઉદાત્તાદિ ઘોષે કરીને પરિપૂર્ણ ઉચ્ચારવામાં આવે તે પરિપૂર્ણ ઘોષ કહીએ. શિખતી વખતે અધ્યાપકના ઉચ્ચાર પ્રમાણે ઉદાત્તાદિ ઘોષ સહિત જે બોલવામાં આવે તે ઘોષસમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પરાવર્ત્તન કરતાં જે તે જ પ્રમાણે બોલવામાં આવે તે પરિપૂર્ણ ઘોષ. આટલો તે બેમાં ફેર સમજવો.

૧૬ કંઠોષ્ઠવિપ્રમુક્ત—એટલે કંઠસ્થાની, ઓષ્ઠસ્થાની વર્ણો જેમાં બરાબર બોલાતા હોય તેવું-બાળક અથવા મુંગા માણસની જેવું અવ્યક્ત નહીં તે.

૧૭ ગુરૂવાચનોપગતં—ગુરૂ પાસેથી વાચના લેવાવડે મેળવેલું, પુસ્તકમાંથી જ ચોરેલું નહીં-સ્વતંત્ર ભણેલું નહીં-અથવા કાનમાં પડવાથી શીખેલું નહીં તે ગુરૂવાચનોપગતં કહીએ.

આ પ્રમાણે અભ્યાસ કરેલું શ્રુત હોવું જોઇએ.

અહીં કોઇ શંકા કરે કે-' આગમથી અનુપયુક્ત-ઉપયોગ વિનાનો વક્તા તે દ્રવ્યાવશ્યક ' એટલું કહેવાથી આગમથી દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ સિદ્ધ થાય છે, છતાં શિક્ષિત, સ્થિત, જિત ઇત્યાદિ આવશ્યક શ્રુતના ગુણો (વિશેષણો) કહેવાનું શું પ્રયોજન છે ? '

તેના ઉત્તરમાં આચાર્ય કહે છે કે-શિક્ષિતાદિ ગુણોવાળું-સર્વ દોષરહિત હોય છતાં પણ જો અનુપયોગપણે કહેવામાં આવે તો તે જેમ દ્રવ્યશ્રુત છે, તેમ પ્રત્યુપેક્ષણ પ્રમાર્જનાદિ સર્વ ક્રિયાઓ પણ અનુપયોગપણે કરવામાં આવે તો અંતઃપ્રણિધાન શૂન્ય હોવાથી દ્રવ્યક્રિયા છે અને તે નિષ્ફળ છે. આ ઉપરથી એમ પણ સમજવું કે અંતઃપ્રણિધાન યુક્ત-ઉપયોગવાળાનું કદાપિ સ્ખલિતાદિ દોષવડે કિંચિત્ દૂષિત હોય તોપણ ભાવ શુદ્ધ હોવાથી તેનું કહેલ શ્રુત ભાવ શ્રુત છે. તેજ પ્રમાણે પ્રત્યુપેક્ષણ પ્રમાર્જનાદિ સર્વ ક્રિયા પણ ઉપયોગવાળાની કરેલી કર્મનિર્જરારૂપ ફળને આપવાવાળી છે. માટે ભગવંતના કહેલા સર્વ અનુષ્ઠાનમાં અંતઃપ્રણિધાનને વિષે અત્યંત પ્રયત્ન કરવો. કેમકે તોજ તે અનુષ્ઠાન પૂર્ણ ફળને આપનાર થાય છે.

આ લેખની અંદર બતાવેલા અભ્યાસ વડે તૈયાર કરેલું-શિખેલું શ્રુત કેવું હોવું જોઇએ તેના દરેક વિશેષણો, બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તેમાં પણ સર્વની છેવટે કહેલા **ગુરૂવાચનોપગત** એ વિશેષણ ઉપર અને તેની શાસ્ત્રકારે કરેલી વ્યાખ્યા ઉપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. એમાં પોતાની મેળે ભણેલું, પુસ્તક વાંચીને મેળવેલું શ્રુત-ચોરેલું શ્રુત કહ્યું છે. આજકાલ ગુરૂ પાસે રહીને અભ્યાસ કરવાનું અને તેમનો વિનય કરીને શીખવાનું કામ બહુધા બંધ પડી ગયેલું છે અને પુસ્તકો વાંચીને ગુરૂગમ મેળવ્યા શિવાય પંડિત થવાનું અને

For Private And Personal Use Only

પંડિત કહેવરાવવાનું શરૂ થયું છે તેમણે શ્રી વિશેષાવશ્યક ગ્રંથમાંથી આ હકીકત ખાસ વાંચવાની આવશ્યકતા છે.

ઉપરાંત આવું સર્વ દોષરહિત શીખેલું શ્રુત પણ જો ઉપયોગ વિના કહેવામાં આવે તો તે દ્રવ્યશ્રુત છે તે વાત પણ ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય છે આટલા ટુંકા લેખ ઉપરથી જો નવ દીક્ષિત મુનિઓ અને ધર્મ પુસ્તકો વાંચીને કે વાંચ્યા વિનાજ સાક્ષરમાં અને જૈનવિદ્વાનોની પંક્તિમાં ગણાવાને ઇચ્છત જૈનબંધુઓ તેમજ ઉછરતા કેળવાયેલાઓ કાંઇ હિતશિક્ષા ગ્રહણ કરશે તો શાસ્ત્રકારનો અને આ લેખકનો પ્રયાસ સફળ થશે.

ઉપર આગમથી દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કહ્યું, હવે પ્રસંગાગત નોઆગમથી દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કહેવામાં આવે છે. નોઆગમથી દ્રવ્યાવશ્યક ત્રણ પ્રકારે-જ્ઞશરીર દ્રવ્યાવશ્યક, ભવ્યશરીર દ્રવ્યાવશ્યક ને તદુભય વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યક. તેમાં જેણે સમ્યક્ પ્રકારે પૂર્વે આવશ્યક અધીત કરેલ એવા સિદ્ધશિલાએ પહોંચેલા મુનિઓના જે શરીર તે જ્ઞશરીર દ્રવ્યાવશ્યક, અને જે આવશ્યકના અર્થને યથાર્થ જાણશે-હાલમાં જાણતા નથી એવા સચેતન દેવદત્તાદિના શરીર તે તેની યોગ્યતાવાળા હોવાથી ભવ્યશરીર દ્રવ્યાવશ્યક. એ બંનેથી વ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્યાવશ્યકના ત્રણ ભેદ છે. લૌકિક, લોકોત્તર ને કુપ્રાવચનિક. તેમાં રાજાદિકને મુખ પ્રક્ષાલનાદિ કાર્ય તે લૌકિક, અને જે સાધુના ગુણથી રહીત, લિંગ (વેશ) માત્રને ધારણ કરવાવાળા સાધ્વાભાસ કે જે પગલે પગલે અનેક અસંયમના સ્થાનકો સેવે અને પાછા ઉભયકાળ પ્રતિક્રમણાદિ આવશ્યક કરે તે લોકોત્તર દ્રવ્યાવશ્યક. તથા પાખંડીઓ ચામુંડા વિગેરેના મંદિરમાં ઉપલેપનાદિ આવશ્યક કાર્ય કરે તે કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક. આમાં નો શબ્દ બધા ભેદમાં આગમના સર્વથા નિષેધવાચી જાણવો. એમાં લોકોત્તર નોઆગમથી દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ જે કહ્યું તે ઉપયોગી વધારે હોવાથી તેની ઉપર વારંવાર [1] આસેવક ને આલોચક સાધ્વાભાસનું ઉદાહરણ શ્રી વિશેષાવશ્યક વૃત્તિમાંથી અત્ર લખવામાં આવે છે.

વસંતપુર નામે નગર છે. ત્યાં અગીતાર્થ સંવિગ્નાભાસ એવો એક ગચ્છ[2] આચાર્ય સહિત વિચરે છે. તે ગચ્છમાં એક સાધ્વાભાસ છે. તે દરરોજ સચિત પાણીવાળા હાથે વહોરાવેલા વિગેરે અનેષણિય ભક્ત પાન આદિ ગ્રહણ કરે અને પ્રતિક્રમણ કરતી વખતે મહાન્ સંવેગને ધારણ કરનાર હોય તેમ ગુરૂ

---

૧ વિરૂદ્ધાચાર સેવનાર. ૨ સાધુ સમુદાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે તે સર્વ કહી બતાવે. ગુરૂ પણ તેને દરરોજ પ્રાયશ્ચિત આપે. પ્રાયશ્ચિત આપતી વખતે તે ગુરૂ અગીતાર્થ હોવાથી દરરોજ કહે કે—“ અહો ! આ ખરેખરા ધર્મ શ્રદ્ધાળુ મહાભાગ છે. દોષ સેવવાનું તો સુખે બને છે પણ જે આમ આળોચવું તે ખરેખરૂં દુષ્કર છે. આવું અશઠપણું હોવાથી આ મુનિ ખરેખરા શુદ્ધ છે. ” આ પ્રમાણે તે સાધ્વાભાસની પ્રશંસા થતી જોઇને મુગ્ધ સાધુઓ વિચારવા લાગ્યા કે—“ અહો ! પાપને આળોવવું તેજ ખરેખરૂં સાધ્ય જણાય છે તેથી જો તેમ કરીએ તો પછી અકૃત્યના આસેવનમાં કાંઇ દોષ જણાતો નથી. ” આ પ્રમાણે પ્રાયે આખા ગચ્છમાં એવી અસમંજસ પ્રવૃત્તિ ચાલી. એમ કરતાં કરતાં અન્યદા કોઈ ગીતાર્થ સાધુ તે ગચ્છમાં પ્રાહુણા તરીકે આવ્યા. તેણે તે અવિધિ બધો જોયો. તેથી વિચાર્યું કે—“ અહો ! આ અગીતાર્થ ગુરૂએ આ આખો ગચ્છ વિનાશ પમાડ્યો છે. ” પછી તેણે પેલા અગીતાર્થ ગુરૂ ( સૂરિ ) ને કહ્યું કે–“ અહો ! તમે આ નિત્ય અકૃત્યના સેવનાર સાધુની આવી પ્રશંસા કરવાથી ગિરિનગરના રાજા અને તે નગરનિવાસી લોકો જેવા થાઓ છો. ” તેણે પૂછ્યું કે–‘ તે શી રીતે ? ’ એટલે પેલા ગીતાર્થ મુનિએ તેનું દૃષ્ટાંત આ પ્રમાણે કહી બતાવ્યું—

ગિરિનગર નામે એક શહેર હતું. ત્યાં એક વણિક કોટીશ્વર રહેતો હતો. તે વૈશ્વાનર ( અગ્નિ ) નો ભક્ત હોવાથી દર વર્ષ રત્નોથી એક ઓરડો ભરીને તેને બાળી દેતો હતો. તેને તેમ કરતો જોઇને રાજા અને નગરના લોકો સર્વદા તેની પ્રશંસા કરતા હતા કે “અહો ! આની કેવી વૈશ્વાનર પ્રત્યે અપૂર્વ ભક્તિ છે, જેથી પ્રતિવર્ષ તેને આટલા બધા રત્નોથી તે તૃપ્ત કરે છે ! ” આ પ્રમાણે પ્રશંસા થવાથી તે કાર્યમાં અત્યંત આદરવાળો થયેલો પેલો વણિક પ્રતિવર્ષ એ પ્રમાણે કરવા લાગ્યો. અન્યદા તેણે લગાડેલો અગ્નિ પ્રચંડ પવનથી અત્યંત પ્રદીપ્ત થયો અને એટલો બધો વૃદ્ધિ પામ્યો કે તેથી રાજભુવન સહિત આખું નગર બળી ગયું. પછી નગરલોક સહિત રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે–“ આપણે આને આમ કરતો પ્રથમથી જ રોકયો કેમ નહીં ? એટલુંજ નહીં પણ ઉલટી પ્રશંસા કેમ કરી ? ” આ પ્રમાણે પશ્ચાતાપ કરીને છેવટે તે વણિકને દંડ્યો અને નગરમાંથી કાઢી મૂક્યો. એમ હે આચાર્ય ! તમે પણ અવિધિએ પ્રવર્તતા આ સાધુની પ્રશંસા કરવાથી એનો, તમારો અને આખા ગચ્છનો વિનાશ કરો છો. માટે તમે મથુરાપુરીના રાજા અને ત્યાંના નગરવાસી લોકો જેવા થાઓ કે જેથી અનર્થના ભાજન ન થાઓ. ” આચાર્યે પૂછ્યું કે– ‘ તે કેમ ? ’ એટલે તેનું દષ્ટાંત પેલા ગીતાર્થ મુનિએ આ પ્રમાણે કહ્યું–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" મથુરાનગરીમાં પણ વૈશ્વાનરના ભક્ત કોઈ દ્રવ્યવાન વણિકે એજ પ્રમાણે રત્નથી ભરેલું ઘર બાળવા માંડયું. તે વખતે નગરના લોકોએ અને રાજાએ તેનો દંડ કર્યો, તિરસ્કાર કર્યો, અને કહ્યું કે 'જો તારે આમ કરવું હોય તો અટવીમાં ઘર કરીને શામાટે બાળી દેતો નથી?' આ પ્રમાણે કહીને તેને નગરમાંથી કાઢી મુકયો. એટલે નગરલોક અગ્નિના ભયમાંથી બચ્યા.

એમ હે આચાર્ય! તમે પણ આ નિરંતર અકાર્ય સેવનાર મુનિને ગચ્છમાંથી દૂર કરીને તમારા આત્માનું અને ગચ્છનું અનર્થમાંથી રક્ષણ કરો." આમ યુક્તિપૂર્વક સમજાવ્યા છતાં તે આચાર્ય અગીતાર્થ હોવાથી આગ્રહીપણાવડે અને નિર્ધર્મપણાવડે પોતાની પ્રવૃત્તિથી નિવર્ત્યા નહીં; એટલે તે પ્રાહુણા સાધુઓએ તે ગચ્છવાસી સાધુઓને કહ્યું કે–'આવા અગીતાર્થ ને દુરાગ્રહી ગુરૂને વશવર્ત્તી રહેવાથી સર્યું, એને છોડી દ્યો, નહીં તો સર્વને અનર્થની પ્રાપ્તિ થશે.' સાધુઓએ તે પ્રમાણે કર્યું. તે આચાર્યને તજી દીધા અને ગીતાર્થ મુનિએ બતાવ્યા પ્રમાણે સન્માર્ગગામી થયા. આ પ્રમાણે પેલા અકાર્ય સેવનાર સાધ્વાભાસને નોઆગમથી લોકોત્તર દ્રવ્યાવશ્યક જાણવા.

દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ સંપૂર્ણ.

# वैराग्यशतक.

( અનુસંધાન પૃષ્ટ ૯૬ થી. )

વાળના અગ્ર ભાગ જેટલું એક પણ સ્થાન આ જગત્માં નથી કે જ્યાં જીવો અનેક પ્રકારના સુખ દુઃખ ઘણી વાર પામ્યા ન હોય. ૨૪.

આ સંસારમાં બધી ઋદ્ધિઓ તને ઘણી વાર મળી છે, તથા બધા સ્વજન સંબંધ પણ તું ઘણી વાર પામ્યો છે; માટે તું જો આત્માના સ્વરૂપને જાણવા માગતો હોય તો તેનાથી વૈરાગ્ય પામ. ૨૫.

જીવ પોતેજ કર્મ બાંધે છે; અને તેજ જીવ એકલો વધ, બંધન, મરણ વિગેરે દુઃખો અનુભવે છે, અને કર્મથી છેતરાયેલો જીવ એકલો જ આ સંસારમાં ભમે છે. ૨૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજો કોઇ અહિત કરતો નથી, તેમજ બીજો કોઇ હિત પણ કરતો નથી; આત્મા જ પોતાનું અહિત કે હિત કરે છે; અને પોતે કરેલું સુખ દુઃખ પોતે જ ભોગવે છે, છતાં પણ તું દીન મુખવાળો કેમ બને છે? ૨૭.

હે જીવ! ઘણા આરંભ કરીને મેળવેલું ધન તારા સ્વજનો ભોગવે છે પણ તે મેળવતાં કરેલું પાપ તો તારે જ ભોગવવું પડશે. ૨૮.

હે જીવ! તું તારા દુઃખી અને ભુખ્યા બાળકોની જેટલી ચિંતા કરે છે, તેથી થોડી પણ તારા આત્માની તું ચિંતા કરતો નથી તો તને શું કહીએ? ૨૯.

શરીર ક્ષણભંગુર છે, અને આત્મા શાસ્વત સ્વરૂપી છે. કર્મને લીધે બન્નેનો સંબંધ થયેલો છે. એવા શરીરમાં આટલો બધો મોહ શા માટે રાખે છે? ૩૦.

હે જીવ! પુત્ર, માતા અને ભાર્યા વગેરેનું કુટુંબ કયાંથી આવ્યું? કયાં જશે? તું કયાંથી આવ્યો અને કયાં જઇશ? તમે એક બીજાને આવી રીતે જાણતા નથી, ત્યારે આ કુટુંબ સઘળું તારૂં શી રીતે? ૩૧.

આ શરીર ક્ષણભંગુર છે, વાદળાના સમૂહ જેવો આ મનુષ્ય ભવ ચંચળ છે, તે દરમીયાન જેટલો ધર્મ કરી લીધો એટલોજ ખરો સાર છે. ૩૨.

જન્મ દુઃખનું કારણ છે. વૃદ્ધાવસ્થા રોગનું કારણ છે, મરણ દુઃખનું કારણ છે. અરે! આ સંસારજ દુઃખમય છે, જેથી જીવો ક્લેશ પામે છે. ૩૩

જ્યાં સુધી ઇન્દ્રિયો નાશ પામી નથી, જ્યાં સુધી ઘડપણ રૂપ રાક્ષસે પોતાનું જોર દાખવ્યું નથી, જ્યાં સુધી રોગના વિકારો ઉત્પન્ન થયા નથી, જ્યાં સુધી મૃત્યુ ભેટવાને માટે તૈયાર થયું નથી ત્યાં સુધી હે જીવ! ધર્મ કરી લે. ૩૪.

જ્યારે આગ લાગે છે ત્યારે કુવો ખોદવાનું કોઇથી પણ બનતું નથી; તો મરણ આવી પહોંચ્યે જીવ કેવી રીતે ધર્મ કરી શકશે? ૩૫.

રૂપ અશાશ્વત છે, જગત્માં જીંદગી વીજળી જેવી ચપળ–અસ્થાયી છે. અને યૌવન સંધ્યા સમયના રંગ જેવું ક્ષણિક રમણીય છે. ૩૬.

લક્ષ્મી વીજળીના જેવી ચંચળ છે. વિષય સુખ મેઘ ધનુષ્યના રંગ જેવું ક્ષણિક છે, માટે હે જીવ! સમજ, સમજ, અને આવી નજીવી બાબતોમાં મુંઝાઈ ન રહે. ૩૭.

જેવી રીતે સાંજનો પક્ષીઓનો સંબંધ છે, જેવો રસ્તામાં મુસાફરોનો સંબંધ છે, તેવીજ રીતે હે જીવ! સ્વજનોનો સંબંધ પણ ક્ષણભંગુર છે ૩૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત્રી પુરી થયે મારે વિચાર કરવો જોઇએ કે ઘર લાગ્યું છે, છતાં હું કેમ ઉંઘું છું ? આ કર્મથી બળતા આત્માની કેમ બેદરકારી કરૂં છું ? અને ધર્મરહિત દિવસો કેમ ગુમાવું છું ? ૩૯.

જે જે રાત્રિ દિવસ જાય છે તે તે પાછા આવતા નથી; તેમજ જે જીવ રાત્રિ દિવસ અધર્મ કરે છે, તેના રાત્રી દિવસ અફળ જાય છે. ૪૦

જેને મૃત્યુ સાથે મૈત્રી છે, અથવા મૃત્યુથી નાશી છુટવાને જેને બળ છે, અથવા હું મરીશ નહિ એમ જે નક્કી જાણે છે, તે મનુષ્ય ભવિષ્યમાં ધર્મ કરવાનું ભલે મુલતવી રાખે. ૪૧.

જેવી રીતે વણકરો લાકડી ઉપરથી સૂતર ઉખેડે છે, તેવીજ રીતે રાત્રી અને દિવસ ચાલ્યા જાય છે; તેઓ આયુષ્યને ઓછું કરે છે અને ગયા પછી તે પાછા આવતા નથી. ૪૨.

જેવી રીતે સિંહ મૃગને ઝાલીને અવશ્ય મારે છે, તેવીજ રીતે મૃત્યુ અંત સમયે મનુષ્યને ઝાલે છે ને મારે છે; તે વખતે તેના માતા, પિતા કે ભાઇ તેમાં ભાગ પડાવતા નથી. ૪૩.

જીંદગી પાણીના પરપોટા સમાન છે, વૈભવ પાણીના તરંગની માફક અસ્થિર છે, અને રાગ સ્વપ્નતુલ્ય છે; જો તું આ યથાર્થ જાણતો હોય તો તે પ્રમાણે વરત. ૪૪.

સંધ્યા સમયના રંગ જેવી અને પાણીના પરપોટા જેવી આ જીંદગી છે, અને યૌવન નદીના વેગસમાન છે, છતાં હે પાપી જીવ ! તું કેમ સમજતો નથી ? ૪૫.

સૂતને બલી ફેંકવામાં આવે તેમ મૃત્યુ કુટુંબને જૂદે જૂદે સ્થળે ફેંકી દે છે. ૪૬.

પુત્ર પુત્રી આદિ કાંઇક ગયા, સ્ત્રી કાંઇક ચાલી ગઈ, અને સ્વજનો પણ બીજે સ્થળે ચાલ્યા ગયા. ૪૭.

જૂદા જૂદા ભવોમાં જીવે જે શરીરો ધારણ કર્યા તથા તજ્યાં તેમની સંખ્યા અનંત સાગરના બિન્દુથી પણ મપાય તેમ નથી. ૪૮

જૂદા જૂદા જન્મોની રડતી માતાઓનાં આંસુની સંખ્યા સમુદ્રના પાણીના બિન્દુઓ કરતાં પણ વધારે થાય. ૪૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરકમાં નરકનાં જીવો જે અનંત ઘોર દુઃખ અનુભવે છે, તેના કરતાં પણ અનંત ગણું દુઃખ નિગોદમાં જીવ ભોગવે છે. ૫૦.

હે જીવ! વિવિધ કર્મને લીધે તેં નિગોદ મધ્યે અનંત પુદ્ગલપરાવર્તન સુધી તીક્ષ્ણ દુઃખ સહન કરેલ છે. ૫૧.

ત્યાંથી ઘણી મહેનતે બ્હાર નીકળીને હે જીવ! તું મનુષ્યત્વ પામ્યો અને ત્યાં ચિંતામણી રત્ન જેવો **જિનવર ધર્મ** તને મળ્યો. ૫૨.

અપૂર્ણ.

# जैन मुनिमहाराजोनुं संमेलन.

## पसार करेला ठरावो.

જૈન મુનિ શ્રીમદ્વિજયાનંદ સુરિશ્વરજી (આત્મારામજી) મહારાજના સંઘાડાના મુનિ મહારાજોનું જે સંમેલન અત્રે (વડોદરામાં) મળેલું છે તે સંમેલનની એકસભા ગયા ગુરૂ અને શુક્રવારે જાની શેરીના ઉપાશ્રયમાં આચાર્ય મહારાજ શ્રી કમળવિજયજીના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે તમામ મુનિમંડળ ઉપરાંત ૧૨૦૦-૧૫૦૦ શ્રાવક-શ્રાવિકા સમુદાય હાજર હતો અને તેમાં મુનિ શ્રી વલ્લભવિજયજી મહારાજે ઉપોદ્ઘાત કરતાં ઘણું ઉપદેશક ભાષણ કીધું હતું. બાદ આચાર્ય મહારાજ શ્રી કમળવિજયજીનું ભાષણ મુનિ શ્રી વલ્લભવિજયજીએ વાંચી બતાવ્યું હતું. તે બાદ જુદા જુદા મુનિરાજોએ દરખાસ્ત રૂપે નીચે મુજબના ઠરાવો રજુ કર્યો હતા. જે સર્વાનુમતે પસાર થયા હતા.

### ઠરાવ પહેલો.

આપણા સમુદાયના દરેક સાધુઓએ વર્તમાન આચાર્યજી મહારાજ ફરમાવે ત્યાં ચોમાસું કરવું. પોતાને કોઇ અમુક ક્ષેત્રમાં ચોમાસું કરવાની ઇચ્છા હોય ને આચાર્યજી મહારાજ અધિક લાભ જાણી બીજા કોઇ ક્ષેત્રમાં ચોમાસું કરવા જણાવે તો તે પણ ખુશીથી તેમણે સ્વીકારવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ બીજો.

ખાસ કારણ વગર આપણા મુનિઓએ એક સ્થળે એક ચોમાસા ઉપર બીજું ચોમાસું કરવું નહિ, તેમજ ચોમાસું પૂરૂં થયે તરતજ વિહાર કરવો. કોઇ જરૂરી કારણસર આચાર્યજી મહારાજ હુકમ આપે તો એક ચોમાસા ઉપર બીજું ચોમાસું કરવા હરકત નથી.

## ઠરાવ ત્રીજો.

આપણા મુનિઓએ એકલવિહારી થવું નહિ. અર્થાત્ બે સાધુથી ઓછા સાધુએ રહેવું નહિ. કદાચ કોઇ કારણપરત્વે એકલા રહેવાનો પ્રસંગ આવે તો શ્રી આચાર્ય મહારાજની આજ્ઞાપત્રિકા મંગાવી રહેવા હરકત નથી.

## ઠરાવ ચોથો.

કોઇ સાધુ જેની પાસે પોતે હોય ત્યાંથી નારાજ થઇ આપણા સાધુ પૈકી ગમે તે બીજા સાથમાં ભળે તો તેને આચાર્યજી મહારાજની પરવાનગી સિવાય પોતાના સાથમાં ભેળવવો નહિ.

## ઠરાવ પાંચમો.

એક વખત દિક્ષા લઇ જેણે છોડી દીધી હોય તેને આચાર્ય મહારાજની આજ્ઞા સિવાય ફરી દિક્ષા આપવી નહિ.

સંવેગ પક્ષ સિવાયનાને માટે પણ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી આચાર્યજી મહારાજની આજ્ઞા પ્રમાણે ચાલવું.

## ઠરાવ છઠ્ઠો.

સાધુઓ પ્રાયે મોટા મોટા શહેરમાં અને તેમાંપણ ગુજરાતમાંજ ચોમાસા કરે છે. જ્યાં સાધુઓના વિહારથી અલભ્ય લાભ થાય તેવે ઠેકાણે જેમકે મારવાડ, મેવાડ, માળવા, પંજાબ, કચ્છ, વાગડ, દક્ષિણ, પૂર્વ વિગેરેમાં પ્રાયઃ સાધુઓનો જોઇતો સમાગમ નહિ મળવાથી જૈન ધર્મ પાળનારા ઘણા અન્ય ધર્મી થઇ ગયા છે ને થતા જાય છે તે તરફ સાધુ મુનિરાજોનું આ સંમેલન ધ્યાન ખેંચે છે ને ભલામણ કરે છે કે સાધુઓએ ગુજરાત છોડી હિંદના દરેક ભાગમાં વિહાર કરવાની તજવીજ કરવી જોઇએ.

## ઠરાવ સાતમો.

આપણા સાધુઓએ અવશ્ય લોચ કરાવવાનો રિવાજ જેવો છે તેવો ને તેવોજ રાખવો. પણ ચક્ષુ પ્રમુખ રોગાદિક કારણે ક્ષુર મુંડન કરાવવું પડે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ આજ્ઞાથી મહિને મહિને શાસ્ત્રાનુસાર કરાવવું પણ ક્ષુર મુંડન કરાવનારાઓએ ચાર કે છ માસ સુધી કેશ વધારવા નહિ.

## ઠરાવ આઠમો.

કેટલાક ગૃહસ્થો ઉપાશ્રયમાં કપડા લાવે છે, ને સાધુને વહોરાવે છે. એ શાસ્ત્રવિરૂદ્ધ છે માટે આપણા સાધુઓએ ગૃહસ્થના મકાને જઈ ખપ પડચે કપડા વહોરી લાવવાનો રિવાજ રાખવો.

## ઠરાવ નવમો.

બાળ, વૃદ્ધ, ગ્લાનાદિ ખાસ કારણ વિના વિહારમાં પોતાના ઉપકરણો ગૃહસ્થને ઉપાડવા આપવા નહિ.

## ઠરાવ દશમો.

ચતુર્દશીને દિવસે બાળ, વૃદ્ધ, ગ્લાનાદિ સિવાય આપણા બધા સાધુઓએ ઉપવાસ અવશ્ય કરવો જોઈએ. વિહારમાં યતના.

## ઠરાવ અગીયારમો.

આપણા સાધુઓએ ઓછામાં ઓછા ૧૦૦ શ્લોકનું સ્વાધ્યાય ધ્યાન દરરોજ અવશ્ય કરવું, જેનાથી ન થાય તેણે એક નવકારમંત્રની માળા ગણવી.

## ઠરાવ બારમો.

સોના ચાંદીની અથવા તેના જેવી ચમકતી દાંડીની ફ્રેમવાળા ચશ્મા આપણા સાધુઓએ વાપરવા નહિ.

## ઠરાવ તેરમો.

સાધુપણાના આચારનો વિચાર કરી તેને બાધ ન આવે તેવી રીતે આપણા સાધુઓએ જૈનેતર પ્રજાને જાહેર ઉપદેશ આપવાનો રિવાજ અનુકૂળતા પ્રમાણે રત્નાધિકની આજ્ઞાનુસાર રાખવો. તેમજ હરકોઈ જાહેર વ્યાખ્યાન પછી તે જૈન યા જૈનેત્તર ગમે તેનું હોય ત્યાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવાદિની અનુકૂળતા જોઈ રત્નાધિકની આજ્ઞાનુસાર જવાને હરકત નથી.

## ઠરાવ ચૌદમો.

પોતાના તાબામાં ચોમાસું કરનાર યા પોતાની નિશ્રાએ રહેનાર સાધુનો પત્ર આવે તો તે ખોલી વાંચવાનો અને યોગ્ય લાગે તોજ આપવાનો અગર વંચાવવાનો અધિકાર ઉપર બતાવ્યા પ્રમાણેના મંડળીના વડા સાધુ હોય તેમને છે. વડા સિવાય બીજાઓએ કાગળપત્રનો વ્યવહાર પરભાર્યો કરવાનો નથી. કદાપિ પોતાને કોઇ જરૂરી સમાચાર મંગાવવાના હોય તો વડીલ સાધુની મારફત મંગાવવા.

## ઠરાવ પંદરમો.

જૈનેતર કોઈપણ સારો માણસ જીવદયા વિગેરે ધાર્મિક કાર્યોનો ઉદ્યમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો હોય તેને પણ આપણા સાધુએ યથાશક્તિ મદદ આપવાનો પ્રયત્ન કરવો.

## ઠરાવ સોળમો.

અમદાવાદના મોહનલાલ લલ્લુભાઈ નામના માણસે કાઢેલ ત્રીજા હેન્ડબીલમાં આપણા પરમપૂજ્ય પરોપકારી આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદ સૂરિજી, તથા પ્રવર્ત્તકજી કાન્તિવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી ઉપર ન છાજતા હુમલા કરેલા જેથી પંજાબ વિગેરેના શ્રાવકો ઉશ્કેરાઇ ગયા હતા તે વખતે આપણા સાધુઓએ અને ખાસ કરી પ્રવર્ત્તકજી કાન્તિવિજયજી તથા મુનિશ્રી વલ્લભવિજયજીએ શાંતતા રાખી તેમને સમજાવ્યા ને કલેશ વધવા ન દીધો તેની આ સંમેલન અનુમોદના કરે છે અને કોઈ વખતે ભવિષ્યમાં તેવો પ્રસંગ આવે ત્યારે આવીજ શાંતતા રાખવા ભલામણ કરે છે.

## ઠરાવ સત્તરમો.

નવા સાધુને જ્યાં સુધી પાંચ પ્રતિક્રમણ, દશ વૈકાલિકના ચાર અધ્યયન, જીવ વિચાર, નવ તત્ત્વ, અને દંડક અર્થ સહિત ન થઇ જાય ત્યાં સુધી વ્યાકરણાદિ અન્ય અભ્યાસમાં જોડવો નહિ.

## ઠરાવ અઢારમો.

સાધ્વીઓ અથવા ગૃહસ્થીઓ પાસે કપડાં ન ધોવરાવવાનો જે આપણો રિવાજ છે તેને તેવો ને તેવોજ કાયમ રાખવો, અને અન્ય કોઈ મુનિ સદરહુ કામ કરતા હોય તેને મિષ્ટ વચનથી હિત શિક્ષા આપી તે કામથી નિવૃત્ત કરવાનો પ્રયત્ન કરવો.

## ઠરાવ ઓગણીશમો.

આજકાલ પ્રાયઃ કેટલાક સાધુઓ પણ ઉંચી જાતના તેમજ બહુ મૂલ્યના ધુંસા વિગેરે કપડાં રાખતા નજરે પડે છે એ રિવાજને આ સંમેલનના પસંદ કરે છે અને ઠરાવ કરે છે કે આપણા સાધુઓએ આજ પછી પંજાબી યા વિકાનેરી કામળી કે તેવાજ પ્રકારની બીજી અલ્પ કીંમતની કામળી વાપરવી.

## ઠરાવ વીશમો.

જેને દીક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી એક મહિનાની મુદત સુધી યથાશક્તિ પરીક્ષા કરી તેના સંબંધી માતા, પિતા, ભાઇ, સ્ત્રી વિગેરેને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો રિવાજ આપણા સાધુઓએ રાખવો, તેમજ દિક્ષ નિમિત્તે આપણી પાસે જે વખતે આવે તેજ વખતે તેની પાસે તેના સંબંધીઓને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો ઉપયોગ રાખવો.

## ઠરાવ એકવીશમો.

સાધુ સાધ્વીના, યા શ્રાવકોના અંદર અંદરના ટંટા બખેડામાં આપણા સાધુઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામિલ થવું નહિ; કોઇ ધાર્મિક કારણ પરત્વે સામિલ થવાની જરૂર જણાય તો આચાર્ય મહારાજની પરવાનગી મંગાવી આજ્ઞાનુસાર વર્તવું

## ઠરાવ બાવીશમો.

સાધુ સાધુઓમાં સામાન્ય રીતે એકજ ગુરૂના પરિવારમાં પણ જેવો જોઇએ તેવો સંપ દેખાતો નથી તો પછી જુદા જુદા ગચ્છના તથા જુદા જુદા ગુરૂઓના સાધુઓમાં તો સંપનું નામજ શેનું હોય ? આવી સ્થિતિ હાલ સાધુઓની છે તે માટે આ સંમેલન અત્યંત દિલગીરી દર્શાવે છે. ને ઠરાવ કરે છે કે આવા કુસંપથી સાધુમાત્રનો ધર્મની ઉન્નતિ કરવાનો જે મૂળ હેતુ છે તે પાર પડતો નથી; માટે આપણા સાધુઓએ તે કુસંપ દૂર થાય તેવા ઇલાજો લેવા.

## ઠરાવ ત્રેવીશમો.

આજકાલ કેટલાક સાધુઓ શિષ્યો કરવા દેશકાળ વિરૂદ્ધ વર્ત્તન ચલાવે છે જેથી શાસનની હેલના થવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાયછે, તેમજ મુનિઓને કોઈ કોઈ વખત અનેક મુશ્કેલીઓમાં ઉતરવું પડે છે, જેથી આ સંમેલન આવી રીતે દિક્ષા આપી શિષ્યો કરવાની પદ્ધતિને તેમજ તેવી રીતે દિક્ષા આપનાર–લેનાર–અપાવનારને માટે અત્યંત નાપસંદગી જાહેર કરે છે અને આ મંડળ ઠરાવ કરેછે કે આપણા સમુદાયના સાધુઓ પૈકી કોઈ પણ મુનિઓએ આવી ખટપટમાં ઉતરવું નહિ અને જે મુનિ આવી ખટપટમાં પડશે તેને માટે આચાર્યજી મહારાજ સખ્ત વિચાર કરશે.

## ઠરાવ ચોવીશમો.

નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જના રાજ્યની શીતળ છાયામાં વીરક્ષેત્ર (વડોદરા) કે જ્યાં મહારાજા શ્રીમાન્ શિયાજીરાવ ગાયકવાડ સરકાર બિરાજે છે; જેમના નેક રાજ્યમાં ધર્મની ઉન્નતિ નિમિત્તે આ સંમેલન આનંદની સાથે આપણે કરી શક્યા છીએ તેબાબતમાં આ સંમેલન પરમાત્માની પ્રાર્થના કરે છે કે તેઓના નેક રાજ્યમાં આવા ધાર્મિક અનેક કાર્યો નિર્વિઘ્ને પસાર થાઓ અને સર્વત્ર શાંતિ પ્રસરો.

"વડોદરા વર્તમાન, તા. ૧૭–૬–૧૨"

ઉપર પ્રમાણેના ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તે એકંદર રીતે સંતોષકારક છે પરંતુ તેની અંદર જે હેતુથી આ મુનિ મહારાજાઓનું સંમેલન કરવામાં આવ્યું હતું તે સંબંધી ઠરાવ દૃષ્ટિગોચર થતો નથી. જો કે તા. ૨૨ મી જુનના સાંજ વર્તમાનમાં એક પત્રના ઉત્તર તરીકે કેટલોક ખુલાસો કરવામાં આવ્યો છે પરંતુ તે અપૂર્ણ છે એટલું જ નહીં પણ કેટલીએક વ્યાજબી બીનાને ગુપ્ત રાખનારો એ ખુલાસો છે. તેની અંદર નીચે પ્રમાણે જણાવવામાં આવેલ છે.

૧. જૈનશાસ્ત્રમાં ગુરૂના જે લક્ષણો બતાવ્યા છે તે પ્રમાણે ગૃહસ્થને ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ માનવા કે મનાવવા આધાર નથી ને જો કોઇ તેમ કરતા હોય તો તે જૈનાગમ વિરૂદ્ધ હોવાથી અમાન્ય છે.

૨. જૈનશાસ્ત્રમાં ગૃહસ્થની તીર્થંકર ભગવાનની માફક પૂજા આરતિ વિગેરે કરવા કે કરાવવા આધાર નથી ને તેથી જેઓ તેમ કરતા કરાવતા હોય તેઓ પોતે ડુબે છે ને બીજાને ડુબાડે છે એમ સમજવું.

૩. ગૃહસ્થની છબીને તીર્થંકર ભગવાનની માફક માન આપનાર તથા તેની આગળ તીર્થંકર ભગવાનની પ્રતિમા આગળ ભાવના ભવાય તેવી ભાવના ભાવનાર જે કોઈ હોય તે જૈન શાસનનો દ્રોહી છે એમ માનવું.

૪. ગૃહસ્થની છબીને વચ્ચે મુકી આજુબાજુ તીર્થંકરની છબીઓ મુકનાર ને તે ગૃહસ્થની છબીને 'આ જિનને નમીએ ભવિકા, આ જિનને નમીએ' એમ જો કોઈ બોલતા હોય તો તે જિનાજ્ઞાના લોપ કરનારા છે.

૫ લાડી વાડી ને ગાડી વિગેરે સંસારી વિષયોના ભોગમાં મસ્ત રહેનારને જૈન શાસ્ત્રમાં અધ્યાત્મી માન્યો નથી, તેથી તેવા જો કોઇ હોય તો તેને અધ્યાત્મી માનવા એ જિનાજ્ઞા વિરૂદ્ધ છે.

૬. સાધુનો વેશ શાસ્ત્રકારોએ વર્ણવ્યો છે તેમાં મોરપીંછી કે કમંડળું રાખવાનું બતાવ્યું નથી. એટલે મોરપીંછી ને કમંડળું રાખ્યા છતાં પોતાને શ્વેતામ્બર સંપ્રદાયના સાધુ કહેવરાવનારા જે કોઈ હોય તેમને સાધુ માનવાના નથી.

ઉપર પ્રમાણે શાસ્ત્ર વિરૂદ્ધ વર્તન કરનારા જે કોઈ હોય તેમને જિનાજ્ઞાના ઉલ્લંઘન કરનારા સમજવા એમ અમારો અભિપ્રાય છે.

આ પ્રમાણેનો જવાબ વડોદરા ખાતે મળેલા મુનિ મહારાજાઓના સંમેલન તરફથી એક મતે લખવામાં ને પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે; પરંતુ આની અંદર ઘણી હકીકત ગૌણ રહી જાય છે અને જેમના જૈન શાસ્ત્ર વિરૂદ્ધ પારાવાર લેખો, જૈન મુનિઓની અસહ્ય નિંદાના લખાણો અને મુનિ માર્ગને ઉખેડી નાખવાની ઇચ્છાવાળા ભાષણો તેમજ લેખો છે તેમને જે ઇનસાફ આપવો જોઇએ તે મળી શક્યો નથી. ભદ્રીક જૈન બંધુઓ ન છેતરાય તેવી સ્થિતિમાં બરાબર મુકી શકાણા નથી. આવા લખાણથી જેમના વર્તન વિગેરેને અંગે પ્રત્યક્ષ ઠરાવો થયેલા, સંમતિઓ થયેલી તેમને થોડો ઘણો પણ આડકતરો બચાવ મળવા જેવું થયું છે. જેને માટે સ્પષ્ટતા થવા સારૂ આ મુનિ સંમેલનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને આચાર્ય મહારાજ જેને માટે સ્પષ્ટતાથી સભા વચ્ચે અભિપ્રાય બતાવતા હતા તે બધું હાલ તો ઢંકાઈ ગયા જેવું થયું છે. સાંભળવા પ્રમાણે સમુદાયની અંદર સંપ જાળવવાની ખાતર એમ કરવાની જરૂર પડી છે તો તે સાધ્ય દૃષ્ટિ યોગ્ય છે પરંતુ શાસનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરોધીઓને બચાવ નહીં આપવાની સાધ્ય દૃષ્ટિ પણ ભૂલી જવા જેવી નથી. આશા છે કે આ સંબંધમાં વધારે અજવાળું પાડે તેવો ઠરાવ હવે પછી બહાર પડશે.

ઉપરાંત થયેલા ઠરાવો પૈકી આઠમો ઠરાવ કપડા ગૃહસ્થના મકાને જઇને લેવા સંબંધી છે; તેમાં દેશ કાળાનુસાર ફેરફાર કરવાની જરૂર છે. પ્રથમ પણ એવાજ કારણથી એવા ઠરાવમાં છુટ મેળવવામાં આવેલી છે. હાલમાં બજાર વચ્ચે કાપડીઆની દુકાને જઇને કપડા લેવાનું જૈન મુનિ મહારાજાઓના બહુ માનને અંગે વહોરાવનારને અનુકૂળ પડે તેવું નથી.

નવા દીક્ષા લેનારના સંબંધમાં વીશમો ઠરાવ છે છતાં ત્રેવીશમો ઠરાવ કેટલીક વ્યક્તિઓએ બીજાઓની ઉપર આક્ષેપ કરવા જેવો અને પુનરાવર્તન રૂપ કરાવ્યો છે. તે ઠરાવની ભાષા અમને બરાબર લાગતી નથી. તેમજ તેની અંદર આપનાર અપાવનારની સાથે લેનારને પણ ભેળવી દેવામાં આવેલ છે તે યોગ્ય જણાતું નથી. આ અમારો નમ્ર અભિપ્રાય છે.

છેવટે આવા મુનિસંમેલન દરેક પ્રકારે ઇચ્છવા યોગ્ય છે. અને એકેક ગુરૂનો પરિવાર આવી રીતે એકત્ર થઇ શ્રેષ્ઠ ઠરાવો કરે અને પરિણામે એકજ સમુદાયના જુદા જુદા ગુરૂના પરિવારભૂત મુનિ મહારાજાઓ એકત્ર મળે તો શાસનની ઉન્નતિ અવશ્ય થાય, શાસન દ્રોહીઓના મુખ શ્યામ થાય, ઉપદ્રવ કરનારાઓનું બળ મંદ પડે અને જૈન શાસનનો સર્વત્ર વિજય થાય. આવી શ્રેષ્ઠ ઇચ્છા રાખી અમારો આ ટુંક અભિપ્રાય સમાપ્ત કરીએ છીએ.

---

# શેઠ આણંદજી કલ્યાણજી અને ભાવનગરનો સંઘ.

શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજીના પવિત્ર નામથી અમદાવાદ ખાતે મુખ્ય પેઢી રાખવામાં આવેલી છે અને તેનું બંધારણ સને ૧૮૮૦માં આખા હિંદુસ્થાનના સંઘે અમદાવાદ ખાતે એકઠા થઇને મુકરર કરેલું છે. વહીવટ કરનાર પ્રતિનિધિઓએ વહીવટ ચલાવવાને અંગે જુદા નિયમો પણ કરેલા છે. સદરહુ વહીવટની વ્યવસ્થામાં ફેરફાર કરવાને માટે કેટલીક જગ્યાએથી ચર્ચા ચાલતાં છેલ્લી સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગ અમદાવાદ ખાતે મળી ત્યારે આખા હિંદુસ્થાનના મુખ્ય મુખ્ય શહેરોના સંઘોનો તે બાબતમાં અભિપ્રાય માગી, તે આવ્યા પછી એક દિવસ મુકરર ઠરાવી, બધા આગેવાનોને આમંત્રણ કરી, અમદાવાદ બોલાવવા અને તેમના બહુ મતે નિર્ણય કરવો એમ ઠર્યું હતું. તદનુસાર દરેક મોટા શહેરોના સંઘ ઉપર પત્રો લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ૧૮૮૦ ના પ્રોસીડીંગની છાપેલી નકલ મોકલી અભિપ્રાય માગવામાં આવ્યા છે. તે પ્રમાણેનો એક પત્ર ભાવનગરના સંઘ ઉપર આવતાં તેનો ઉત્તર નીચે પ્રમાણે સંઘ તરફથી લખી મોકલવામાં આવ્યો છે.

# નકલ.

## શેઠજી શ્રી આણંદજી કલ્યાણજી.

**શ્રી અમદાવાદ.**

ભાવનગરથી લી. જૈન શ્વેતાંબર સંઘ સમસ્તના પ્રણામ વાંચશો. વિશેષ વિનંતિ એ છે કે આપ સાહેબના જાવક નંબર. ૬૦૫ તા. ૨૬-૪-૧૯૧૨ ના કાગળ સાથે પેઢીના બંધારણનું પ્રોસીડીંગ હાંસલ થતાં તે સંબંધમાં અમો સકલ સંઘનો એકત્ર અભિપ્રાય નીચે પ્રમાણે છે.

૧. સને ૧૮૮૦ની સાલનું પ્રોસીડીંગ છે તે હિંદુસ્થાનના સકળ સંઘે એકમત થઇને નક્કી કરેલું છે. ઘણોજ વિચાર કરીને નિર્ણય કરેલા તેમાંના ઠરાવો અનુસાર અત્યાર સુધી વહીવટ ચાલેલો છે, તેથી અમોને તેમજ અમારી આસપાસના ગામવાળાઓને પૂરતો સંતોષ છે.

૨. શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના તમામ હિતને વાસ્તે અત્રેનો સંઘ ખાસ ભલામણ કરે છે કે મુખ્ય પેઢી અમદાવાદમાં જ રાખવી.

૩. પેઢીના પ્રતિનિધિ મંડળના પ્રમુખ શેઠ શાંતિદાસના કુટુંબમાંથી કાયમ નીમવાનો જે ઠરાવ છે તેમાં કાંઇ ફેરફાર કરવા જેવું નથી.

૪. સ્થાનિક પ્રતિનિધિઓ જે સને ૧૮૮૦ની સાલમાં ૩૨ નીમાયેલ છે તેમાંની કેટલીએક જગ્યાઓ ખાલી પડેલ છે. ત્યાં લખાણો કરેલ છતાં અમુક જગ્યાઓથી સ્થાનિક પ્રતિનિધિ નીમાઇ આવેલા નથી, માટે સકળ સંઘ ભેગો થાય તે વખત તેવી જગ્યાઓ ઉપર યોગ્ય ગૃહસ્થોની નેમણુક કરવી તથા સ્થાનિક પ્રતિનિધિયોમાં નીમવા લાયક કેટલાક સ્થળો ( ગામો ) ના ગ્રહસ્થો ન હોય તેવા ગામવાળાને નીમાવી ઉમેરવા.

૫. દરવર્ષે સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગ મેળવવાનું અને દરસાલ બે ઓડીટર નીમવાનું પ્રથમના સને ૧૮૮૦ના પ્રોસીડીંગમાં ઠરાવ્યું નહોતું, પરંતુ પાછળથી વહીવટ કરનાર પ્રતિનિધિઓએ તે રીવાજ શરૂ કર્યો છે તેથી અમો અને આ બાજુના ગામોનો સંઘ ઘણા ખુશી થયા છીએ ને તે રીવાજ ચાલુ રાખવા ભલામણ કરીએ છીએ.

૬. સ્થાનિક પ્રતિનિધિઓમાંથી જે ગૃહસ્થ અમદાવાદમાં નિવાસ કરીને જો વહીવટ કરવામાં ભાગ લેવા માગે તો તેણે જનરલ મીટીંગમાં દરખાસ્ત મુકવી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની બાબત બહુ મતે ઠરાવ થાય તે પ્રમાણે અમલ કરવો.

૭. ઉપરાઉપર બે વર્ષ ગેરહાજર રહેનાર સ્થાનિક પ્રતિનિધિનું નામ કાયમ રાખવું કે કેમ તે વિષે જ્યારે જ્યારે જનરલ મીટીંગ મળે ત્યારે ત્યારે નિર્ણય કરવો.

ઉપર મુજબ અમારો નમ્ર મત અવશ્ય ધ્યાનમાં લેશોજી.

સંવત. ૧૯૬૮ના અશાડ પેલા શુદ ૭ ને શનીવાર તા.-૨૨-૬-૧૨.

ઉપર પ્રમાણેના પત્રની નીચે ભાવનગરના સંઘ સમુદાયના તમામ આગેવાનોએ સહીઓ કરી છે અને તે પત્ર અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજી તરફ મોકલાવવામાં આવ્યો છે. એ સહીઓની અંદર આગેવાનો પૈકીના માત્ર એકજ ગૃહસ્થે પોતાની સહી કરી નથી. તે શા કારણથી નથી કરી તે ચોકસ સમજી શકાતું નથી. આ સંબંધમાં તા-૩૦ મી જુનના જૈન પત્રમાં કોઇ જૈને નનામું ચર્ચાપત્ર લખેલ છે તેમાં કેટલીક હકીકત તદ્દન અસત્ય લખી છે. પોતાના વિચારને સંઘના વિચારનું મિથ્યા રૂપ આપવા માગ્યું છે. આ કાર્ય પરત્વે ભાવનગરમાં સંઘ એકઠો મળ્યો નહોતો તે ખરી વાત છે; પરંતુ આ હકીકત આગેવાનોની અંદર વારંવાર ચર્ચાઇને એટલી બધી દ્રઢ થયેલી હતી કે તેને માટે વિચાર ભેદ ન હોવાથી એકત્ર થવાની બીલકુલ જરૂર નહોતી. એ સંબંધમાં સૌ એકત્ર વિચારવાળાજ હતા અને તેથીજ તમામ આગેવાનોએ પત્ર વાંચીને તેની નીચે પોતપોતાની સહીઓ કરી છે એટલે હસ્ત કંકણ જોવા માટે આદર્શની જરૂર રહેતી નથી.

તેની અંદર માત્ર એક ગૃહસ્થ શિવાય કોઇ આગેવાન બાકી રહેલ નથી કે જેથી તે પત્રને સંઘના એકત્ર મતવાળો પત્ર ગણવામાં કાંઈ પણ શંકાનું કારણ રહે. સ્થળ સંકોચના કારણથી તે પત્ર નીચેની તમામ સહીઓ અમે અહીં આપી શક્યા નથી; પરંતુ તે સહીઓ વાંચનાર જો ભાવનગરના સંઘના આગેવાનોને ઓળખતા હોય તો તરતજ કહી શકે તેમ છે કે તેમાં તમામ આગેવાનો આવી ગયેલા છે.

જેમ બીજે હોય છે તેમ ભાવનગરમાં પણ અમુક વ્યક્તિઓ કદી જુદો વિચાર ધરાવતી હોય તો તેમાં નવાઇ નથી, કેમકે માણસો હોય ત્યાં મતભેદ પણ હોયજ; પરંતુ એવી યત્કિંચિત્ સંખ્યાને લઇને શ્રી સંઘના વિચારમાં ભેદ ગણી શકાતો નથી. આટલો ખુલાસો ખાસ ઉપર જણાવેલા ચરચા પત્રને અંતે એડીટર તરફથી માગવામાં આવેલો હોવાથી શ્રી સંઘ ભૂલાવામાં ન પડે તેટલા માટે લખવો પડ્યો છે.

કુંવરજી આણંદજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अत्यंत खेदकारक मृत्यु.

## सरदार शेठ लालभाइ दलपतभाइनो स्वर्गवास.

ઉપર જણાવેલા ગૃહસ્થે માત્ર ૪૯ વર્ષની વયમાં જેઠ વદિ ૫ ની સવારમાં માત્ર એક કલાકના હૃદયના દુઃખાવાના વ્યાધિથી હૃદય બંધ પડી જતાં એકદમ આ ઓદારિક દેહ તજી દઈ પરલોક ગમન કર્યું છે. આ વીર પુરૂષના એકાએક અસ્ત થવાથી જૈનકોમે એક કિંમતી હીરો ગુમાવ્યો છે. આખા સમુદાયમાં તેમના મૃત્યુથી પારાવાર ખેદ થયો છે. એવાં નરરત્ન કોઈકજ રત્નમાતાના ઉદરમાં પાકે છે. એમણે જૈન કોમમાં એવું નામ કાઢ્યું હતું કે તેની ખામી પૂરાવી ઘણી મુશ્કેલ છે. એમની માતુશ્રીની સતત્ પ્રેરણાથી એ પુરૂષ શાસનના દરેક કાર્યમાં પૂર્ણ ઉત્સાહથી પ્રયત્નશીલ હતા. જૈન તીર્થોના કાર્યમાં સતત્ ઉદ્યમી હતા. શ્રીશત્રુંજય તીર્થને માટે તો અહર્નિશ લક્ષ આપ્યાજ કરતા હતા. ગિરનાર તીર્થનું કામ પણ થોડા વખતથી હાથમાં લીધું હતું. સંમેતશિખર તીર્થને માટે તેમજ આબુ તીર્થને માટે પણ ખાસ ત્યાં જઈને તેના હકાદિ પરત્વે બનતો પ્રયાસ કર્યો હતો. શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ કરનાર પ્રતિનિધિઓમાં શાંતિદાસ શેઠના વંશના હોઈને તેઓ પ્રેસીડેન્ટ હતા. તેમનું દરેક કાર્ય દીર્ઘદ્રષ્ટિવાળું હતું. તીર્થાદિના હકને માટે યુરોપીયન અધિકારીઓ પાસે પણ નીડરપણે પોતાની દલીલ મુકતા હતા. ઇંગ્રેજી ભાષામાં પણ સારા બોલનારા હોવાથી એઓ દરેક પ્રસંગમાં ઘણોજ ઉપયોગી ભાગ બજાવતા હતા. તેમના દીલમાં ગિરનારાદિ તીર્થો માટે પ્રયાસ કરવાની ખાસ ઉત્કંઠા હતી. એમના અકસ્માત અને અકાળે થયેલા અભાવથી તેમના કુટુંબે, શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ મંડળે અને જૈન સમુદાયે એક એવો વીર પુરૂષ ખોયો છે કે તેને માટે જેટલો ખેદ દર્શાવીએ તેટલો ઓછો છે. જૈનતીર્થોની સંભાળ લેવાની ફરજનું તેમના માતાપિતા બંનેની તરફથી તેમને ઘણું સારૂં શિક્ષણ મળ્યું હતું. એમની માતુશ્રી ગંગાબ્હેન જેવા તીર્થની લાગણીવાળા માતા ક્વચિતજ દ્રષ્ટિએ પડે તેમ છે; તેમને તેમની વૃદ્ધાવસ્થામાં આ અસહ્ય પ્રહાર પડ્યો છે; પરંતુ હૃદયને મજબૂત કરીને દૈવે કરેલા પ્રહારને સહન કર્યા શિવાય છુટકો નથી. અમે એમની માતુશ્રીને, મણીભાઈ તથા જગાભાઈ બંધુને અને ચીમનભાઈ વિગેરે પુત્રાદિ પરિવારને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ અને લાલભાઈ શેઠની ખામી પૂરી પાડવા માટે ઉત્સાહી થવાની પ્રેરણા કરીએ છીએ. એવા નરરત્નનો મનુષ્ય જન્મ સફળ છે. એમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છી અ દિલગિરીદર્શક નોંધ ટુંકામાંજ સમાપ્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लवाजमनी पहोंच.

( સંવત ૧૯૬૮નાં ચૈત્ર શુદ ૧ થી )

૦-૪-૦ વકીલ મોરારજી રઘુભાઈ.
૧-૪-૦ શા મગનલાલ વેલજી.
૨-૧૩-૦ શા ચુનિલાલ સુરચંદ.
૨-૧૧-૦ દોસી સવચંદ જેઠાભાઈ.
૨-૧૧-૦ શેઠ ચંદુલાલ ખુશાલચંદ
૩-૧૫-૦ ઝવેરી માણેકચંદ કપુરચંદ.
૩-૧૫-૦ શા. અંબાલાલ પાનાચંદ.
૨-૧૧-૦ વીશનગર જૈન લાઈબ્રેરી
૧-૭-૦ શા લલુભાઈ નથુરામ.
૧-૪-૦ શા. રતનશી ઘેલા.
૨-૧૩-૦ પરિ. હીમચંદ નાનજી.
૨-૧૧-૦ શેઠ કલ્યાણજી ખુશાલ.
૧-૪-૦ શા. જીવરાજ કચરા.
૧-૪-૦ શ્રી તણસા સામાયક શાળા.
૧-૫-૦ દોસી કચરાભાઈ અમથાલાલ.
૧-૪-૦ શા. અગિચંદ ઝીણાભાઈ.
૧-૫-૦ શ્રી રૂષભદેવજી જૈન પાઠશાળા.
૧-૫-૦ શા. ત્રિકમલાલ લલુભાઈ.
૫-૮-૦ શા. મનસુખલાલ મગનલાલ.
૧-૫-૦ દેશાઈ ભુરા પાનાચંદ.
૦-૯-૦ શા. લેરચંદ દેવચંદ.
૧-૫-૦ શા. નાનચંદ ધારસી.
૦-૧૫-૦ માસ્તર શામજી જેચંદ.
૦-૧૫-૦ શેઠ રાયસી અમરચંદ.
૧-૫-૦ શા. ડાહ્યાભાઈ સાકરચંદ.
૧-૭-૦ શા. રૂપશી પીતાંબર.
૧-૧-૦ બગડીયા મોના મલુક.
૦-૧૫-૦ શા. નથુભાઈ મંછાચંદ.
૧-૫-૦ દલાલ પ્રેમચંદ જેચંદ.
૧-૫-૦ શા. રાજાજી ફકીરાજી.
૧-૫-૦ શા. જીવાજી વેલાજી.
૨-૯-૦ શા. રાયચંદ કશળચંદ.
૧-૫-૦ શા. હીરજી માણેકચંદ.
૦-૯-૦ શા. છોટાલાલ ગુલાબચંદ.

૧-૯-૦ શા. ત્રીકમજી નરપાળ.
૧-૪-૦ શા. નરોત્તમ હીરાચંદ
૧-૪-૦ શા. નેમચંદ લક્ષ્મિચંદ.
૧-૪-૦ શા. રણછોડ લલુભાઈ.
૨-૦-૦ વોરા જસરાજ સુરચંદ.
૪-૯-૦ શા. ગંભીરમલ જસરૂપ
૨-૯-૦ શા. દેવચંદ દલસુખરામ
૦-૯-૦ શા. ગોવાજી મોતીજી.
૧-૦-૦ સ્થાનકવાસી મુનિ ઉમેદચંદજી જૈન લાઇબ્રેરી.
૧-૦-૦ ધી બાર્ટન લાઈબ્રેરી.
૧-૫-૦ ગાંધી મોહનલાલ મગનલાલ.
૧-૫-૦ શેઠ ઉકમિચંદજી વીરસીચંદ.
૧-૧-૦ શા. દામોદર ગોવનજી,
૧-૫-૦ શા. હાવા હરખા સંઘખાતે.
૧-૫-૦ શા. રતનચંદ ભુદરાજી.
૧-૫-૦ શા. વાલજી ભ ણજી.
૧-૫-૦ શા. દ્વારકાદાશ લાલદાશ.
૦-૧૩-૦ દોસી પીતાંબરદાશ મુળચંદ.
૮-૪-૦ શેઠ. કીસનચંદ નંદરામજી.
૨-૮-૦. મુનિ ચતુરમુનિજી હસ્તુ
૦-૧૧-૦ મેતા, નારણજી વાલજી.
૨-૧૦-૦ શા. પુરૂષોત્તમ ઓઘડ.
૦-૯-૦ શા. નરોતમ મનસુખ.
૦-૯-૦ શા. ચુનીલાલ મગનલાલ
૦-૯-૦ શા. ધારસી. ધરમસી.
૦-૧૧-૦ શા. ચકુભાઈ મુળચંદ.
૧-૫-૦ શા. ઝવેરચંદ લક્ષ્મિચંદ.
૪-૩-૦ શા. રાઘવજી વસ્તાજી.
૦-૯-૦ શા. કાળા ધનજી.
૧-૫-૦ શા. મોતીલાલ ખીમચંદ.
૧-૪-૦ શા. ધરમચંદ ઘેલચંદ.
૩-૧૦-૦ રા. રા. વીરચંદ ત્રિભોવનદાશ.
૧-૪-૦ શા. ધનજી અમરાજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિ.

ગયા વર્ષમાં પ્રેસની અગવડના કારણથી તેમજ તંત્રીની અવારનવાર ગેર હાજરી વધારે રહેવાથી માસિક નિયમિત બહાર પડી શક્યું નથી, તોપણ લેખ સારા આપીને ગ્રાહકોને સંતોષ આપવામાં આવ્યો છે. નવા વર્ષમાં પણ વિષય સંકલના શ્રેષ્ટ રાખવામાં આવી છે. આવા અમૂલ્ય લાભદાયક માસિકના ગ્રાહક કાયમ રહેવું, લવાજમ વગર મંગાવ્યે મોકલી આપવું અને નવા ગ્રાહકો કરી આપવા એ દરેક જૈનબંધુની ફરજ છે. જે ગ્રાહકોનું ચિત્ત લેખો વાંચીને સંતુષ્ટ થતું હોય તેમણે અકેક નવું ગ્રાહક કરી આપવા તસ્દી લેવી કે જેથી અમે કદમાં વધારો કરી વધારે લાભ આપવા શક્તિવાન થઇએ. આ માસિકની નકલો ભેટ તરીકે ઘણી જવાથી અને પંચાંગમાં તેમજ ભેટમાં વધારે ખર્ચ થવાથી તેમજ કેટલાક ગ્રાહકો ચોપાનીઆ રાખ્યા છતાં લવાજમનું વેલ્યુ૦ સ્વીકારવામાં અખાડા કરતા હોવાથી ઉપજ ખર્ચના આંકડા સરખા થવા પણ મુશ્કેલ પડે છે, માટે સારી આશા રાખનારે સહાયક થવું યોગ્ય છે; તે સાથે ઉત્તમ જૈન લેખકોએ સારા લેખો લખી મોકલવા યોગ્ય છે કે જે જૈન વર્ગને ઉપકારક થઇ પડે. અમારી તેને માટે નમ્ર પ્રાર્થના છે.

**તંત્રી.**

## ભાવનગર પાંજરાપોળ લોટરી.

પહેલું ડ્રોઇંગ ૬૧૬૫૫ ટીકીટોનું નીકળી ગયું છે. ઇનામ ૨૭૪૦ રૂ ૨૪૪૫૦) ના આપવામાં આવ્યા છે. ઇનામના રૂપીઆ વહેંચવાનું કામ લગભગ ખલાસ થવા આવ્યું છે. બીજા ડ્રોઇંગ માટેના હેંડબીલો બહાર પડ્યા છે; તેમાં ટીકીટો ૪૦૦૦૦ નીકળવાની છે. ઇનામ રૂ. ૧૬૦૦૦) ના રાખ્યા છે. પહેલું ઇનામ રૂ. ૨૦૦૦) નું રાખ્યું છે. નવી ટીકીટ ખપવાનું શરૂ થઇ ગયું છે. પહેલી વખત જેમને સારાં ઇનામો મળેલાં છે તેઓ તેમજ બીજાઓ બેવડો લાભ જાણીને ખરીદ કરવા લાગ્યા છે. પહેલા ડ્રોઇંગનું કામ એટલું બધું સફાઇથી ને સંતોષકારક થયું છે કે તેને માટે સૌ એક સરખી પ્રશંસા કરે છે. તેના ઇનામોનું લીસ્ટ છપાઇને બહાર પડી ગયું છે. ટપાલ માટે ૦-૧-૦ મોકલવાથી તે તરત મોકલવામાં આવે છે. આર્ય બંધુઓએ ટીકીટો ખરીદ કરીને સહાય આપવા લાયક છે. કારણ કે ' એક પંથ ને બે કાજ ' એમાં રહેલાં છે. ટીકીટો મગાવવી હોય તેણે સત્વર મગાવી લેવી.

For Private And Personal Use Only